RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 269 Dt. 25-04-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# મિશન પંજાબ કે રાજ્યસભાની નંબરની ગેમ ?

## આપના રાઘવ ચઢ્ઢા સહિત ૭ સાંસદોના ભાજપમાં જોડાવાનું મહત્વ શું ?



નવી દિલ્હી,તા.૨૪

રાઘવ ચઢ્ઢાએ જાહેરાત કરી છે કે તેઓ અને અન્ય છ સાંસદો ભાજપમાં જોડાશે. આ સાતેય સાંસદોએ ઉપરાષ્ટ્રપતિને લેખિતમાં ભાજપ સંસદીય દળમાં ભળી જવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સૂત્રો કહે છે કે આમ આદમી પાર્ટીના આ સાંસદો આગામી પંજાબ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને જોડાઈ રહ્યા છે.

મિશન પંજાબથી રાજ્યસભાના આંકડાઓના ખેલ સુધી... રાઘવ ચઢ્ઢા સહિત ૭ સાંસદોના ભાજપમાં જોડાવાનું મહત્વનું મહત્વ જાણવા જેવું છે.

આમ આદમી પાર્ટી (AAP) ના નેતા રાઘવ ચઢ્ઢા અને અન્ય છ સાંસદો ભાજપ સંસદીય પક્ષમાં ભળી ગયા છે. છેલ્લા કેટલાક મહિનાઓથી, એવા સંકેતો મળી રહ્યા છે કે ભાજપ પંજાબ સંબંધિત કેટલાક મોટા ઉમેરાઓની યોજના બનાવી રહી છે, પરંતુ પાર્ટી ફક્ત યોગ્ય સમયની રાહ જોઈ રહી હતી. આજે, જ્યારે રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે પત્રકાર પરિષદને સંબોધવા પહોંચ્યા, ત્યારે ભાજપના નેતાઓની હાજરીથી સ્પષ્ટ થઈ ગયું કે સમગ્ર રણનીતિ પૂર્વ-આયોજિત હતી.

અચાનક પત્રકાર પરિષદ સંબોધવા પહોંચેલા રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠકે આમ આદમી પાર્ટી પર ભ્રષ્ટાચાર અને સમાધાનનો આરોપ લગાવ્યો. તેમણે ભાજપમાં જોડાવાનો પોતાનો ઈરાદો પણ જાહેર કર્યો. રાઘવે જણાવ્યું કે આમ આદમી પાર્ટી પાસે કુલ ૧૦ સાંસદો છે, જેમાંથી સાત સાંસદો ઉપરાષ્ટ્રપતિને લેખિતમાં ભાજપમાં ભળી જવાની ઇચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે.

રાઘવે ઉપરાષ્ટ્રપતિને શું વિનંતી કરી?

ચઢ્ઢાએ જણાવ્યું હતું કે તેમણે ઉપરાષ્ટ્રપતિને બે તૃતીયાંશ બહુમતીની જરૂરિયાતનું પાલન કરીને આમ આદમી પાર્ટીના સંસદીય પક્ષને ભાજપમાં મર્જ કરવા વિનંતી કરી છે. સંસદીય નિષ્ણાતોના મતે, રાજ્યસભા અધ્યક્ષને આમ આદમી પાર્ટીના સાંસદોની અપીલના જવાબમાં ઉપરાષ્ટ્રપતિ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે સલાહ લેશે અને તેમની મંજૂરી પછી, રાજ્યસભા સચિવાલય એક સૂચના જારી કરશે. રાજ્યસભા દ્વારા નોટિફિકેશન બહાર પાડ્યા પછી, તેને ગેઝેટમાં સમાવવામાં આવશે. આ રીતે, તમામ સાત સાંસદોને ભાજપના સભ્ય ગણવામાં આવશે. ટેકનિકલી, આ સાંસદો રાષ્ટ્રપતિ દ્વારા નોટિફિકેશન બહાર પાડવામાં ન આવે ત્યાં સુધી સત્તાવાર રીતે ભાજપમાં જોડાશે નહીં. ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે આજે ત્રણ સાંસદોએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે મુલાકાત કરી હતી, પરંતુ બાકીના ચાર સભ્યો આગામી ચારથી પાંચ દિવસમાં પાર્ટીના મુખ્ય નેતાઓ સાથે પણ મુલાકાત કરશે. બાકીના ચાર સાંસદોમાંથી, એક યુનાઈટેડ સ્ટેટ્સમાં છે, બીજો ઈંડ્ક મેચ પર ટિપ્પણી કરી રહ્યો છે, બીજો સમિતિની બેઠક માટે દૂર છે, અને ચોથો આજે મોડી સાંજે દિલ્હી પહોંચવાનો છે. ઉપરાષ્ટ્રપતિની મંજૂરી પછી, રાજ્યસભા સચિવાલય તરફથી સૂચના અને ગેઝેટમાં ફાઈલિંગ પછી, આ સાત સાંસદો સત્તાવાર રીતે ભાજપમાં જોડાશે.

પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી પંજાબ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીના આ સાંસદોનું જોડાણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યસભામાં NDAને મજબૂત બનાવવા માટે પણ આ જોડાણ મહત્વપૂર્ણ છે. આ સાંસદોના જોડાણ સાથે, રાજ્યસભામાં NDA સાંસદોની સંખ્યા ૧૪૧ થી વધીને ૧૪૮ થશે. હવે, પાર્ટી રાજ્યસભામાં બે તૃતીયાંશ બહુમતી માટે માત્ર ૧૮ સાંસદોથી દૂર છે.જોકે, પંજાબ વિધાનસભાની ચૂંટણીઓ આવતા વર્ષની શરૂઆતમાં યોજાવાની છે, અને ભાજપ સંપૂર્ણ તાકાત સાથે એકલા ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યું છે. ચઢ્ઢા અને અન્ય AAP નેતાઓનો પક્ષમાં સમાવેશ રાજ્યમાં ભાજપને મજબૂત બનાવવાના હેતુથી એક મોટી રણનીતિના ભાગ રૂપે જોવામાં આવે છે.

૨૦૨૨ની પંજાબ વિધાનસભા ચૂંટણીમાં અઅડ્ની જીત માટે રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠક મુખ્ય રણનીતિકાર હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બંને નેતાઓ છેલ્લા કેટલાક મહિનાઓથી ભાજપ સાથે સંપર્કમાં છે. ભાજપ હવે પંજાબમાં વિવિધ મતદાતા જૂથો પર ધ્યાન કેન્દ્રિત કરવાની યોજના બનાવી રહી છે. આ પ્રયાસના ભાગ રૂપે, મુખ્ય નેતાઓને પક્ષમાં સામેલ કરવામાં આવી રહ્યા છે.

પાર્ટી પંથિક વોટ બેંક પર પણ નજર રાખી રહી છે, જેના પર એક સમયે શિરોમણી અકાલી દળ (SAD)નું વર્ચસ્વ હતું. ભાજપના નેતાઓ માને છે કે જીઅઉ ના નબળા પડવાથી, આ વોટ બેંક નવા વિકલ્પો શોધી રહી છે, કારણ કે તેઓ કોંગ્રેસ સાથે જોડાણ કરવા માંગતા નથી અને અઅડ થી પણ અસંતુષ્ટ છે. આ મહિને સુપ્રીમ કોર્ટના પ્રખ્યાત વકીલ એચ.એસ. ફૂલકાના ભાજપમાં જોડાવાને પણ પંથિક મતદારોને આકર્ષવાની રણનીતિના ભાગ રૂપે જોવામાં આવી રહ્યું છે.

રાજ્યમાં અનુસૂચિત જાતિ (SC) સમુદાય પર કોંગ્રેસ પક્ષની મજબૂત પકડ છે, પરંતુ ભાજપ હવે આ જૂથ સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. ફેબ્રુઆરીમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંત રવિદાસ જયંતિની ઉજવણી માટે જલંધરના ડેરા સચખંડ બલ્લાનની મુલાકાત લીધી હતી. તાજેતરમાં, ડેરા સચખંડ બલ્લાનના વડા સંત નિરંજન દાસને કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા.

આ ડેરા રવિદાસિયા સમુદાયનું એક મુખ્ય ધાર્મિક કેન્દ્ર છે, જ્યાં દેશભરમાંથી ભક્તો આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી વિધાનસભા ચૂંટણી પહેલા, ઘણા અગ્રણી નેતાઓ, સામાજિક કાર્યકરો અને ધાર્મિક સંગઠનો સાથે સંકળાયેલા લોકો ભાજપમાં જોડાઈ શકે છે, જેના દ્વારા પાર્ટી પોતાની સ્થિતિ મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે.

### સબરીમાલા કેસમાં સુપ્રીમ કોર્ટમાં જૈન સમુદાયની મહત્ત્વની દલીલ

# મંદિરો-ધાર્મિક સંસ્થાઓ પર રાજ્યની માલિકીની ન હોઈ શકે

નવી દિલ્હી, તા.૨૪

સબરીમાલા કેસ સાથે જોડાયેલા વ્યાપક બંધારણીય મુદ્દાઓ પર સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ સમક્ષ સુનાવણી ચાલી રહી છે. આ દરમિયાન જૈન સમુદાય દ્વારા એક અત્યંત મહત્ત્વનો પક્ષ રજૂ કરવામાં આવ્યો છે. ગીતાર્થ ગંગા વતી રજૂ થયેલી આ દલીલોમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે મંદિરો અને ધાર્મિક સંસ્થાઓનું સંચાલન કે માલિકી કોઈ બિનસાંપ્રદાયિક રાજ્ય પાસે હોઈ શકે નહીં.



ન્યાયાલયમાં વરિષ્ઠ એડવોકેટ કૃષ્ણન વેણુગોપાલ દ્વારા જૈનાચાર્ય યુગભૂષણસૂરીજીના માર્ગદર્શન હેઠળ આ દલીલો રજૂ કરવામાં આવી હતી. તેમાં જણાવાયું છે કે ધાર્મિક સંસ્થાઓ માત્ર ઈંટ-પથ્થરના માળખા નથી, પરંતુ તે ધર્મનો આંતરિક અને સ્વાયત્ત ભાગ છે. મંદિરો, દેરાસરો અને મઠો એ આસ્થાના જીવંત કેન્દ્રો છે, જેમના સંચાલન અને ધાર્મિક વિધિઓ તે ધર્મના સિદ્ધાંતો અને પરંપરાઓ સાથે અતૂટ રીતે જોડાયેલા હોય છે.

જૈન સમુદાયે પવિત્ર સ્થળોને મુખ્યત્વે બે ભાગમાં વહેંચીને સમજાવ્યા છે. પ્રથમ 'પ્રાકૃતિક પવિત્ર સ્થળો' જેમાં પર્વતો, નદીઓ અને જંગલોનો સમાવેશ થાય છે જે કોઈ માનવીય નિર્માણ વિના પણ પવિત્ર માનવામાં આવે છે. બીજી શ્રેણી 'માનવ નિર્મિત સંસ્થાઓ'ની છે જેમાં મંદિરો અને દેરાસરોનો સમાવેશ થાય છે. આ બંને પ્રકારના સ્થળોની પવિત્રતા અને તેનું ચરિત્ર ધાર્મિક છે, નહીં કે બિનસાંપ્રદાયિક. તેથી તેને જાહેર સંપત્તિ તરીકે ગણી શકાય નહીં.કોર્ટ સમક્ષ એ તર્ક રખાયો કે મંદિરોને માત્ર ભૌતિક સંપત્તિ કે જાહેર સુવિધા તરીકે ન જોવા જોઈએ, તે 'લિવિંગ ઈન્ટીટ્યૂશન ઓફ ફેથ' છે. તેનું પ્રબંધન ધાર્મિક સિદ્ધાંતો અને પરંપરાઓના અનુસાર જ હોવું જોઈએ. દલીલોમાં એ બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે જ્યારે રાજ્ય મંદિરોનું સંચાલન પોતાના હસ્તક લે છે, ત્યારે તે ધાર્મિક સત્તાનું સ્થાન લે છે. આ પ્રકારનો હસ્તક્ષેપ ધર્મની સ્વાયત્તતા અને તેની આંતરિક શાસન પ્રણાલીને ખોરવે છે. ભારતીય બંધારણ રાજ્યને મર્યાદિત હસ્તક્ષેપની છૂટ આપે છે, પરંતુ તે રાજ્યને ધાર્મિક સંસ્થાઓના મુખ્ય વહીવટ કે માલિકીની સત્તા આપતું નથી. રાજ્યની ભૂમિકા રક્ષણાત્મક હોવી જોઈએ, નહીં કે સુપરવાઈઝરી. હાલમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ આ મામલે ગહન સુનાવણી કરી રહી છે. કોર્ટે હવે એ નક્કી કરવાનું છે કે શું કોઈ સેક્યુલર સ્ટેટ ધાર્મિક સંસ્થાઓ પર માલિકી હક્ક કરી શકે કે કેમ, અથવા આ સત્તા માત્ર સંબંધિત ધર્મના અનુયાયીઓ અને ધાર્મિક સત્તા પાસે જ રહેવી જોઈએ. આ કેસનો ચુકાદો ભારતમાં ધાર્મિક સ્વાતંત્ર્ય અને બંધારણીય સીમાઓ નક્કી કરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# Paytm પેમેન્ટ્સ બેંકનું લાયસન્સ રદ

### RBIની મોટી કાર્યવાહી : જો કે ગ્રાહકો માટે જમા પૈસા અંગે રાહતના સમાચાર

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય રિઝર્વ બેંક દ્વારા આજ(૨૪ એપ્રિલ ૨૦૨૬) રોજ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત 'પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડ' (PPBL)નું બેંકિંગ લાયસન્સ તાત્કાલિક અસરથી રદ કરી દેવાયું છે. બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ની કલમ ૨૨(૪) હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. આ નિર્ણય બાદ હવે પેટીએમ પેમેન્ટ્સ બેંક કોઈપણ પ્રકારની બેંકિંગ સેવાઓ કે ગ્રાહકો સાથે વ્યવહાર કરી શકશે નહીં. RBI એ સ્પષ્ટ કર્યું છે કે શુક્રવાર, ૨૪ એપ્રિલના રોજ કામકાજના કલાકો પૂરા થયા બાદથી આ આદેશ અમલી બની ગયો છે.




RBIના જણાવ્યા અનુસાર, પેટીએમ પેમેન્ટ્સ બેંક સતત નિયમોનું ઉલ્લંઘન કરી રહી હતી અને તેની કામગીરી કરવાની રીત ગ્રાહકો તથા થાપણદારોના હિતમાં નહોતી. બેંકના મેનેજમેન્ટ સામે પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. કેન્દ્રીય બેંકે જણાવ્યું કે બેંકને વધુ સમય આપવો એ જાહેર હિતમાં નથી, કારણ કે તે લાયસન્સ માટેની જરૂરી શરતોનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે. આ લાયસન્સ રદ થયા બાદ હવે RBI હાઈકોર્ટમાં અરજી કરશે જેથી બેંકને સંપૂર્ણપણે બંધ કરવાની પ્રક્રિયા શરૂ કરી શકાય.

ગ્રાહકો માટે રાહતના સમાચાર આપતા RBI એ જણાવ્યું છે કે પેટીએમ પેમેન્ટ્સ બેંક પાસે પૂરતી લિક્વિડિટી (નાણાં) ઉપલબ્ધ છે, જેથી તે તેના તમામ થાપણદારોના પૈસા પરત કરી શકશે. એટલે કે, જે લોકોના પૈસા બેંકમાં જમા છે, તેઓને ચિંતા કરવાની જરૂર નથી; બેંક બંધ કરવાની પ્રક્રિયા દરમિયાન તેમના નાણાં પરત કરવાની ખાતરી આપવામાં આવી છે.

નોંધનીય છે કે પેટીએમ પેમેન્ટ્સ બેંક પર મુશ્કેલીઓ ઘણા સમયથી ચાલી રહી હતી. માર્ચ ૨૦૨૨માં RBI એ બેંકને નવા ગ્રાહકો જોડતા અટકાવી હતી. ત્યારબાદ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૪માં પણ તેના વોલેટ અને ડિપોઝિટ પર પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. આખરે, લાંબા સમયથી ચાલી રહેલી અનિયમિતતાઓને કારણે આજે બેંકનું લાયસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવ્યું છે. આ નિર્ણયથી ભારતીય ફિનટેક સેક્ટરમાં મોટો ખળભળાટ મચી ગયો છે.

# અમેરિકા-ઈરાન વચ્ચે ફરી મંત્રણાની તૈયારી

## વિદેશ મંત્રી અરાઘચી ઈસ્લામાબાદ જવા રવાના : શાંતિ મંત્રણાનો બીજો રાઉન્ડ?





નવી દિલ્હી, તા.૨૪

અમેરિકા-ઈરાનના યુદ્ધવિરામ વચ્ચે હવે ઈસ્લામાબાદમાં ફરી શાંતિ મંત્રણા યોજાવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ માટે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી આજે મોડી રાત્રે ઈસ્લામાબાદ પહોંચવાના છે. અરાઘચી પાકિસ્તાનની મુલાકાત બાદ ઓમાન અને રશિયા પણ જવાના છે. આ વિદેશ પ્રવાસમાં દ્વિપક્ષીય મુદ્દાઓ, ઈરાન વિરુદ્ધ અમેરિકા-ઈઝરાયલની તાજેતરની સ્થિતિ પર ચર્ચા થવાની સંભાવના છે.

ઈરાનના વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટ્વીટ કરીને આ વિદેશ પ્રવાસની માહિતી આપી છે. તેમણએ લખ્યું છે કે, 'હું પાકિસ્તાનના ઈસ્લામાબાદ, ઓમાનના મસ્કત અને રશિયાના મોસ્કોની મુલાકાત કરવા માટે રવાના થઈ રહ્યો છું. મારા પ્રવાસનો હેતુ, અમારા દેશના ભાગીદારો સાથે ગાઢ સંકલન સાધવા અને તાજેતરના યુદ્ધવિવાદ પર વાતચીત કરવાનો છે.' તેમણે ટ્વીટના અંતે લખ્યું છે કે, 'અમારા પડોશી અમારી પહેલી પ્રાથમિકતા છે.'

ઈરાનની સરકારી સમાચાર એજન્સી ઈંછ્નાઅએ અરાઘચી ત્રણ દેશોના પ્રવાસે જવાના હોવાની માહિતી આપી છે. મીડિયા રિપોર્ટ મુજબ, ઈરાનનું એક પ્રતિનિધિમંડળ ઈસ્લામાબાદ પહોંચી ગયું છે, જેઓ અમેરિકા સાથે બીજા તબક્કાની યોજાનારી શાંતિ મંત્રણા ભાગ લે તેવી આશા વ્યક્ત કરાઈ છે. ઈરાનના વિદેશમંત્રી નાના પ્રતિનિધિમંડળ સાથે ઈસ્લામબાદા પહોચી શકે છે. રિપોર્ટ મુજબ, અમેરિકાની એક લોજિસ્ટિક્સ અને સુરક્ષા ટીમ પહેલેથી જ રાજધાની ઈસ્લામાબાદમાં હાજર છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ઈઝરાયેલે ૨૮ ફેબ્રુઆરીની રાજ ઈરાન સાથે યુદ્ધ શરૂ કરી દીધું હતું, પછી લગભગ એક મહિના બાદ યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૨ એપ્રિલે યુદ્ધવિરામનો સમયગાળો પૂર્ણ થઈ ગયા બાદ અમેરિકાએ ત્રણ અઠવાડિયા સુધી વધુ યુદ્ધવિરામ લંબાવવાની જાહેરાત કરી છે. અરાઘચીના વિદેશ પ્રવાસના સમાચાર એવા સમયે સામે આવ્યા છે, જ્યારે તાજેતરમાં જ ઈરાને અમેરિકા સાથે બીજા તબક્કાની વાતચીત કરવાનો ઈન્કાર કીર દીધો હતો. અમેરિકા-ઈરાન વચ્ચે લગભગ ૧૪ દિવસનું યુદ્ધવિરામનો સમય પુરો થઈ ગયો હતો, પરંતુ ઈરાન અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર ન હતું. જેને ધ્યાને રાખીને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે યુદ્ધવિરામ વધુ લંબાવ્યું હતું.

ઈરાન પાસે સારી ડીલ કરવાની તક : અમેરિકા

બીજીતરફ રોયટર્સના રિપોર્ટ મુજબ, અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે કહ્યું છે કે, ઈરાન પાસે શાંતિ મંત્રણામાં સમજદારીથી નિર્ણય લેવાની સારી તક છે. એવી વિગતો પણ સામે આવી છે કે, પાકિસ્તાની સેનાના વડા આસિમ મુનીરે અબ્બાસ અરાઘચી સાથે ફોન પર લાંબી વાતચીત કર્યા બાદ તેઓ પાકિસ્તાન આવી રહ્યા છે.

# પરમિટ દારૂના ભાવ વધતા મોંઘી થઈ 'મોજ'

## દરોડામાં પકડાતો મુદ્દામાલ પણ થશે 'કિંમતી'



ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬ અને ૨૦૨૭ માટે વિદેશી દારૂ અને બિયરના નવા દર નક્કી કરવામાં આવ્યા છે. વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા જાહેરનામા મુજબ, દારૂ અને બિયરની વિવિધ બ્રાન્ડની કિંમતોમાં સરેરાશ ૫થી ૧૦ ટકાનો વધારો કરાયો છે. આ નવા ભાવના અમલ સાથે જ હવે પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવતા દારૂના મુદ્દામાલની ગણતરી પણ ઊંચી કિંમતે કરવામાં આવશે.

ગુજરાત પોલીસ દ્વારા દર વર્ષે દરોડા દરમિયાન કરોડો રૂપિયાનો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવે છે. અત્યાર સુધી પોલીસ જૂના ભાવ મુજબ જપ્ત કરેલા જથ્થાની કિંમત આંકતી હતી, પરંતુ હવે આબકારી વિભાગના નવા પરિપત્ર મુજબ, હવે પોલીસ જપ્ત કરેલી બોટલોની કિંમત નવા દર પ્રમાણે નક્કી કરશે, જેનાથી કુલ મુદ્દામાલના આંકડામાં મોટો ઉછાળો જોવા મળશે. દરોડા દરમિયાન પકડાયેલ જથ્થાની બજાર કિંમત હવે નવી બ્રાન્ડ વાઈઝ યાદી મુજબ જાહેર કરાશે.

રાજ્યમાં જે લોકો લિકર લાયસન્સ ધરાવે છે અને અધિકૃત હોટલો કે વાઈન શોપમાંથી દારૂ-બિયર ખરીદે છે, તેમના માટે કિંમતોમાં વધારો થયો છે. વિભાગ દ્વારા વિવિધ બ્રાન્ડની દારૂની બોટલ અને બિયર ટીન/બોટલની નવી કિંમતો જાહેર કરાઈ છે. જેમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવમાં ૧૦ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે.

નવા જાહેરનામાની મુખ્ય અસરો પર નજર કરીએ તો પોલીસ દ્વારા પકડાતા દારૂના કેસોમાં હવે રકમનો આંકડો મોટો દેખાશે, કાયદેસર રીતે દારૂ મેળવતા પરમિટ ધારકોએ હવે વધુ કિંમત ચૂકવવી પડશે. આબકારી વિભાગે આગામી બે વર્ષ માટે આ દરો નક્કી કર્યા હોવાથી તમામ લાયસન્સ ધરાવતી સંસ્થાઓએ આ ભાવપત્રકનો અમલ કરવાનો રહેશે. નોંધનીય છે કે, નશાબંધી અને આબકારી વિભાગ દર વર્ષે બજારની સ્થિતિ અને અન્ય પાસાઓને ધ્યાનમાં રાખીને ભાવમાં સુધારો કરતું હોય છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો આ નવો પરિપત્ર તાત્કાલિક અસરથી અમલી બનશે.

### CETP પ્લાન્ટ્સ મામલે કડક સૂચના સાથે ફાઈનલ અલ્ટીમેટમ

# સાબરમતી પ્રદૂષણ હાઈકોર્ટે તંત્રનો ઉધડો લીધો



અમદાવાદ, તા.૨૪

સાબરમતી નદીના વધતા પ્રદૂષણ મુદ્દે ચાલી રહેલી સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે આજે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. ચીફ જસ્ટિસની ખંડપીઠે જીપીસીબી (GPCB) અને સીપીસીબી (CPCB)ને સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી છે કે, નદી શુદ્ધિકરણ મામલે તમારા સોગંદનામામાં જે 'નથિંગ ઈઝ પોસિબલ' (કંઈ પણ શક્ય નથી) જેવા વાક્યો લખ્યા છે તેને તાત્કાલિક હટાવી દો. કોર્ટે અવલોકન કર્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે ૧૦૦ ટકા કામ કરી શકવાના નથી, પરંતુ તેનો અર્થ એ નથી કે પ્રયાસો જ છોડી દેવાય.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે નદીના પ્રદૂષણને લઈને વર્તમાન સ્થિતિ બિલકુલ સારી નથી. જો ઔદ્યોગિક એકમો, જીપીસીબી, મ્યુનિસિપલ કોર્પોરેશન અને ખાનગી સીઈટીપી (CETP) આ તમામ સંસ્થાઓ એક જ લક્ષ્ય સાથે કામ કરશે, તો જ સ્થિતિમાં સુધારો આવવો શક્ય છે. સુનાવણી દરમિયાન જીપીસીબીએ સ્વીકાર્યું હતું કે શહેરના એક પણ સીઈટીપી હાલમાં નિયમોનું સંપૂર્ણ પાલન કરી રહ્યા નથી. આ બાબતે કોર્ટે આકરું વલણ અપનાવતા કહ્યું કે, જો જીપીસીબીની આ વાત ખોટી હોય તો તેને સોગંદનામા પર સાબિત કરવી પડશે. કોર્ટ કોઈ પણ પક્ષની મૌખિક દલીલોને ગ્રાહ્ય રાખશે નહીં.

જીપીસીબીની રજૂઆત મુજબ સીઈટીપીની જવાબદારી કોર્ટે નક્કી કરી હોવા છતાં ખાનગી સીઈટીપી નિયમોનું પાલન કરતા નથી. પાલન અંગે 'સંપૂર્ણ પાલન', 'આંશિક પાલન' અને 'પાલન નહીં કરનાર' એમ ત્રણ કેટેગરી બનાવવામાં આવી છે. હાલમાં ૭ સીઈટીપી પૈકી ૨ સીઈટીપી એવા છે જે આંશિક પાલન પણ કરી રહ્યા નથી.હાઈકોર્ટે સ્પષ્ટ અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે જો સીઈટીપી દ્વારા નિયમોનું પાલન કરવામાં નહીં આવે, તો તેમની સામે અત્યંત આકરાં પગલાં લેવામાં આવશે. કોર્ટે હવે આ કેસની વધુ સુનાવણી ૧૯ જૂન પર મુલતવી રાખી છે. ત્યાં સુધીમાં તમામ સંબંધિત પક્ષોએ નિયમ પાલન અંગેની સ્પષ્ટતા અને કામગીરીનો અહેવાલ રજૂ કરવો પડશે.

# ૬૭.૨૬ લાખની ઠગાઈમાં એક ઝડપાયો

## CNC મશીનના નામે છેતરપીંડી કરનાર રાહુલ સાગઠીયાને આર્થિક ગુના નિવારણ શાખાએ દબોચ્યો રાજકોટ, તા.૨૪




રાજકોટ,તા.૨૪

CNC મશીનના નામે ૬૭.૨૬ લાખની છેતરપીંડી કેસમાં એકની ધરપકડ રાજકોટના વેપારી સાથે CNC મશીનના નામે રૂ.૬૭.૨૬ લાખની છેતરપીંડી કરનાર રાજકોટના રાહુલ સાગઠિયા નામના શખ્સની આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ફરિયાદીએ પોતાના સોના ચાંદીના વેપાર માટે CNC મશીન ખરીદવા માટે આરોપીઓની સાવરીયા કોર્પોરેશન નામની પેઢીના બેંક ખાતામાં પ્રથમ રૂ.૧૭.૩૬ લાખ ત્યારબાદ ફરીયાદીએ લીધેલ લોનના રૂ.૪૯.૯૦ લાખ મળી કુલ ૬૭.૨૬ લાખ RTGS દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. આ પછી તમામ રૂપિયા ઉપાડી લઇ આરોપીઓએ નાસી છૂટ્યા હતા.

આરોપીઓએ કોઈ મશીન મોકલાવ્યું ન હતું અને રૂપિયા પણ પરત ન આપતા છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનામાં સંડોવાયેલ આરોપી રાહુલ લક્ષ્મણ સાગઠીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ આરોપી પોતે જ ફ્રોડ પેઢીનો પ્રોપાઈટર હતો તેને ફરીયાદીને ફસાવી લાખો રૂપીયા પડાવ્યાં હતાં. જો કે, તે તમામ રૂપીયા જયદીપ ગીરીશ નનેરા અને જયદીપ પટેલ નામના શખ્સો લઈ નાસી છૂટ્યાની કબૂલાત આપતાં પોલીસે તે બંને શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

### ક્રિકેટ સટ્ટો રમતો વેપારી ઝડપાયો

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે મોરબી રોડ જુના જકાતનાકાથી આગળ ખોડલધામ મંડપ સર્વિસ સામે રોડ ઉપર એક શખ્સ પોતાના મોબાઈલ ફોનમાં ઓનલાઈન આઈ.ડી. માં જુગાર રમે છે તેવી બાતમીના આધારે દરોડો પાડી તે શખ્સને અટકાવી નામ પુછતા પોતાનું નામ દીપ રાજેશભલ કથીરીયા (ઉ.વ.૨૩) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની પાસે રહેલ મોબાઈલ ચેક કરતાં ગુગલ ક્રોમ બ્રાઉઝરમાં ALLPANEL777 નામની આઇ. ડી.માં જુગાર રમતો હોવાનું સામે આવતાં તેની ધરપકડ કરી આઈડી આપનાર બુકીનું નામ ખોલાવવા તજવીજ હાથ ધરી છે.

### બાઈક હડફેટે વયોવૃદ્ધનું મૃત્યુ

હરજીભાઈ ભીમજીભાઈ કબર (ઉં.વ.૮૨) ગઈકાલે સવારે પોતાના ઘરેથી ચાલીને રાજકોટ ગોંડલ રોડ ઉપર આવેલ પોતાના પુત્રની પાનની કેબીને જતા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યા બાઈક ચાલકે વૃદ્ધ હરજીભાઈને ઠોકરે લઈ રોડ ઉપર ફંગોળી દીધા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં હરજીભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા આજીડેમ પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ગ્લુ ટ્રેપ મામલે હાઈકોર્ટે સરકારનો લીધો ઉધડો

# "જાણ્યા વગર જ બિલ કેમ પાસ કરી દીધું?"



અમદાવાદ, તા.૨૪

રાજ્યભરમાં ઉંદર પકડવા માટે વપરાતી જીવલેણ 'ગ્લુ ટ્રેપ' પર પ્રતિબંધ મૂકવા અંગેની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે સરકારનો ઉધડો લીધો હતો. હાઈકોર્ટેની ખંડપીઠે સરકારની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવતા કહ્યું કે, સંબંધિત વિભાગોએ ગ્લુ ટ્રેપના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ લગાવવા બાબતે કોઈ સંતોષજનક પગલાં લીધા નથી.

કોર્ટે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા અપૂરતી માહિતીવાળા સોગંદનામાને સ્વીકારવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. ખંડપીઠે આકરી ટકોર કરતા જણાવ્યું કે, હાઈકોર્ટની કોર્ટમાં બોલ ના નાખશો. તમને એ પણ ખબર નથી હોતી કે પ્રતિબંધિત વસ્તુઓ બજારમાં કેવી રીતે વેચાય છે. કોર્ટે ગૃહ વિભાગ અને એનિમલ હસબન્ડરી વિભાગને આ મામલે અલ્ટીમેટમ આપ્યું છે.

હાઈકોર્ટે આ મામલે રાજ્યના ચીફ સેક્રેટરી (મુખ્ય સચિવ) પાસે અત્યાર સુધી શું પગલાં લેવાયા છે તેનો વિગતવાર જવાબ માંગ્યો છે. કોર્ટે અવલોકન કર્યું કે, સરકારી વિભાગો માત્ર સર્ક્યુલર બહાર પાડીને સંતોષ માની લે છે. આ સર્ક્યુલરનું પાલન થાય છે કે નહીં તેનું મોનિટરિંગ કરાતુ નથી. ઓફલાઈન બજારમાં પ્રતિબંધ હોય તો પણ ઓનલાઈન પ્લેટફોર્મ પર ગ્લુ ટ્રેપનું વેચાણ ધમધમી રહ્યું છે.

ખંડપીઠે રાજયના તમામ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર અને ડાયરેક્ટર ઓફ એનિમલ હસબન્ડરીને આ મામલે તાત્કાલિક રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. કોર્ટે કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, અમને સરકારે બનાવેલી વાર્તાઓ સાંભળવામાં કોઈ રસ નથી. જો કોર્ટ હુકમનું પાલન કરાવવા માટે કડક વલણ અપનાવશે તો સરકારને આકરું પડશે.

# 'ધનંજય ફાયનાન્સ'ના કૌભાંડી માલિકનો હાઈવોલ્ટેજ ડ્રામા

## કાયદાની આંખમાં ધૂળ નાખી દંપતીએ માણી દુબઈની સફર : કૌભાંડી દંપતી દુબઈ જઈ આવ્યું, સુરત પોલીસે ડિંડોલીમાં નોંધ્યો ગુનો








રાજકોટ, તા.૨૪

રાજકોટમાં કરોડો રૂપિયાનું આર્થિક ફુલેકું ફેરવી ચર્ચિત બનેલા ધનંજય ફાયનાન્સના માલિક ઘનશ્યામ પાંભર અને તેની પત્ની અસ્મિતા પાંભરના વધુ એક કાળા કારનામાનો પર્દાફાશ થયો છે. કાયદાકીય પ્રક્રિયા હેઠળ પાસપોર્ટ જમા હોવા છતાં, આ દંપતીએ ખોટું સોગંદનામું તૈયાર કરી અને કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરી દુબઈની સફર ખેડી નાખી હતી. આ ગંભીર બેદરકારી અને છેતરપિંડી મામલે સુરતના ડિંડોલી પોલીસ મથકમાં પાસપોર્ટ એક્ટ અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો દાખલ થતા પોલીસે બંનેની ધરપકડ કરી છે.

રાજકોટના કેસમાં હાઈકોર્ટે તેમને શરતી જામીન આપ્યા હતા, જેમાં પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવવો ફરજિયાત હતો. જોકે, વિદેશ જવાની લાલચમાં આ દંપતીએ સુરતમાં પાસપોર્ટ ખોવાઈ ગયાનું ખોટું સોગંદનામું કરી નવો પાસપોર્ટ કઢાવ્યો અને કાયદાની આંખમાં ધૂળ નાખીને દુબઈનો પ્રવાસ પણ ખેડી આવ્યા હતા.

આ ગુનાના મૂળ વર્ષ ૨૦૨૧માં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઈંડ્ઈ અને ઋડ્ઈઉ એક્ટ (ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ એક્ટ) હેઠળના કેસમાં રહેલા છે. ઘનશ્યામ પાંભર અને તેની પત્નીએ રોકાણકારોના કરોડો રૂપિયા હડપ કરી લીધા હતા. આ કેસમાં જ્યારે તેઓ હાઈકોર્ટમાં જામીન માટે ગયા, ત્યારે કોર્ટે સ્પષ્ટ શરત મૂકી હતી કે, તેઓ ટ્રાયલ કોર્ટની મંજૂરી વગર ભારત છોડશે નહીં અને પોતાના પાસપોર્ટ કોર્ટમાં જમા કરાવશે. કાયદા મુજબ પાસપોર્ટ જમા હોવાથી તેઓ વિદેશ જઈ શકે તેમ નહોતા, પરંતુ પોતાની ગુનાહિત માનસિકતાનો પરિચય આપતા તેમણે સિસ્ટમ સાથે છેતરપિંડી કરવાનું નક્કી કર્યું હતું.

તપાસ દરમિયાન સામે આવ્યું કે, આરોપીઓએ આયોજનપૂર્વક કાવતરું ઘડ્યું હતું. તેમણે ડિંડોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાના પાસપોર્ટ ખોવાઈ ગયા હોવાની એક ખોટી અરજી આપી હતી. આ અરજી સાથે તેમણે સોગંદનામું પણ રજૂ કર્યું હતું કે, તેમના મૂળ પાસપોર્ટ ગુમ થયા છે. આ દસ્તાવેજોના આધારે તેમણે ડિંડોલી પોલીસ પાસેથી જરૂરી પ્રમાણપત્ર મેળવ્યું અને સુરતની પ્રાદેશિક પાસપોર્ટ કચેરીમાં નવા પાસપોર્ટ માટે અરજી કરી દીધી. હકીકત એ હતી કે, તેમના અસલી પાસપોર્ટ તો રાજકોટની કોર્ટમાં સુરક્ષિત હતા. નવી ઓળખ અને નવા પાસપોર્ટ મળતા જ આ દંપતી કાયદાને અંગૂઠો બતાવી દુબઈ ઉપડી ગયું હતું.

આ છેતરપિંડીનો પર્દાફાશ રાજકોટના એક જાગૃત સાક્ષીના કારણે થયો હતો. રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસના એક સાક્ષીને બાતમી મળી હતી કે પાંભર દંપતી પાસપોર્ટ જમા હોવા છતાં વિદેશ ફરી આવ્યું છે. આ માહિતીના આધારે તેમણે રાજકોટ પોલીસમાં પુરાવા સાથે અરજી કરી હતી. રાજકોટ પોલીસે જ્યારે પાસપોર્ટ ઓફિસ અને ઈમિગ્રેશન વિભાગમાં તપાસ કરાવી ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી કે, આ દંપતીએ ડિંડોલી પોલીસ સ્ટેશનના ખોટા રિપોર્ટના આધારે નવા પાસપોર્ટ મેળવ્યા છે. આ તપાસના અંતે ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ ડિંડોલી પોલીસ મથકે ઈગજ અને પાસપોર્ટ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

અઈઙ નિરવ ગોહિલે જણાવ્યું કે, હાલમાં બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી પોલીસ કસ્ટડી મેળવવામાં આવી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે પાસપોર્ટ કઢાવવાની પ્રક્રિયામાં અન્ય કોઈ એજન્ટ કે સરકારી કર્મચારીની સંડોવણી છે કે કેમ. આ ધરપકડથી સુરત અને રાજકોટના બિલ્ડર લોબી અને ફાયનાન્સરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મુખ્ય આરોપી ઘનશ્યામ પાંભર કોઈ સામાન્ય ગુનેગાર નથી. પોલીસના જણાવ્યા અનુસાર, તેની સામે રાજકોટ અને સુરતના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અગાઉ ૫થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. જેમાં લેન્ડ ગ્રેબિંગ, શરીર સંબંધી ગુનાઓ અને મિલકત પચાવી પાડવાના કેસોનો સમાવેશ થાય છે. અગાઉ રાજકોટમાં પધનંજય ફાયનાન્સથ નામે કંપની ચલાવી લોકોના પૈસા ઓળવી ગયા બાદ છેલ્લા ૨-૩ વર્ષથી આ દંપતી સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતું હતું અને અહીં પ્રોપર્ટી ડીલર તરીકે વ્યવસાય કરતું હતું. તેમની પત્ની અસ્મિતાબેન પણ રાજકોટના આર્થિક ગુનાઓમાં સહ-આરોપી છે.

# રાજકોટમાં તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી

## આજથી ત્રણ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રમાં ભીષણ ગરમીની સંભાવના : મતદાનના દિવસે પણ ગરમીનો પારો ઊંચો રહેશે

રાજકોટ, તા. ૨૪

સમગ્ર રાજ્ય અને ખાસ તો સૌરાષ્ટ્ર અને એમાં પણ રાજકોટની વાત કરવામાં આવે તો ઉતરોતર તાપમાન વધી રહ્યું છે અને રાજ્યનું સૌથી ગરમ શહેર તરીકે પણ નોંધાયું છે. હાલની વાસ્તવિકતાને ધ્યાને લઈ આવનારા દિવસો પણ સરળ નહીં રહે કારણ કે હવામાન વિભાગ દ્વારા જે આગાહી કરવામાં આવી છે તેમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચશે. ગઈકાલે બપોરના સમયે રાજકોટનું તાપમાન ૪૨.૮ ડિગ્રીએ પહોંચ્યું હતું.

હવામાન વિભાગ દ્વારા જે આગાહી કરવામાં આવી રહી છે તે પણ લોકો માટે ચિંતા નો વિષય બની છે તેમાં ખાનગી આગાહીકાર અંબાલાલ પટેલે ગરમીને લઈને આગાહી કરી છે અને કહ્યું છે કે તાપમાનનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચશે. રવિવારે મતદાન થવાનું છે ત્યારે તાપમાન નો પારો ૪૨ થી ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની આગાહી પણ વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ કહી શકાય કે ગુજરાતમાં ગરમીનું જોર વધી રહ્યું છે ત્યારે આજે પણ ગરમીનો પારો ૪૩



સુધી પહોંચે તો નવાઈ નહીં. ગુજરાતમાં રાજકોટ ૪૨.૭ ડીગ્રી તાપમાન સાથે હોટ સિટી બન્યું છે. ત્યારે હજુ પણ આગામી એક સપ્તાહ અગન ગોળામાં રાજ્યએ શેકાવું પડશે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી રહી છે . બીજી તરફ મહાનગરપાલિકાએ પણ રાજકોટમાં યેલો એલર્ટ આપી દીધું છે.

હાલા આ સ્થિતિનું જે નિર્માણ થઈ રહ્યું છે તેની પાછળ સાયકલોનિક સર્ક્યુલેશન અને જે સિસ્ટમ સક્રિય થઈ છે તે છે જેથી આગામી સાત દિવસ હજુ પણ તાપમાન ૪૩ ડિગ્રી નહીં ૪૪ ડિગ્રી સુધી પહોંચશે તેઓ વર્તારો કરાયો છે. અંબાલાલ પટેલની આગાહી અનુસાર રાજ્યમાં ગરમીનો પારો સતત ઉંચો જવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી છે તો ૨૮ એપ્રિલ સુધી રાજ્યમાં ભેષણ ગરમીનો તાપ લોકોએ સહન કરવો પડશે તેવું પણ જણાવ્યું છે. આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતમાં ભેજવાળો પવન ફૂંકાશે . ત્યારે ૨૮ એપ્રિલ બાદ હવામાનમાં પલટો પણ આવી શકે છે અને રાજ્યના ઘણા ખરા વિસ્તારમાં પ્રિમોન્સૂન વરસાદ પડવાની પણ આગાહી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં કાળજાળ ગરમી શરૂ થઈ ચૂકી છે અને રાજકોટ સહિત સુરેન્દ્રનગર અને અમરેલીમાં પારો ૪૨ ડિગ્રીને પાર પહોંચ્યો છે ત્યારે આગામી ત્રણ દિવસમાં હજુ પણ તાપમાન ઊંચુ જાય તેવી આગાહી કરવામાં આવી છે તો બીજી તરફ દરિયાકાંઠા વિસ્તારમાં અસહ્ય ઉકળાટ થવાની ચેતવણી પણ આપવામાં આવી છે ત્યારે સૌથી વધુ તાપમાન સૌરાષ્ટ્રના રાજકોટમાં ૪૨.૭ ડિગ્રી સુધી નોંધાયું છે જે હવે ૪૪ ડિગ્રી સુધી પહોંચે તેવી આગાહી થઈ રહી છે. ગરમ અને સૂકા પવનો ફૂંકાવાને કારણે વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાઈ રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગ અને આરોગ્ય વિભાગે સંયુક્ત રીતે આગામી ૨૯ એપ્રિલ સુધી 'હીટ એલર્ટ' જાહેર કર્યું છે. આગામી દિવસોમાં પણ ગરમીનું પ્રમાણ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી હોવાથી વહીવટી તંત્ર દ્વારા લોકોને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા અને પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવા માટે સાવચેત કરવામાં આવ્યા છે. હાલ ગરમીનો પ્રકોપ રાજ્યભરમાં જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના અનુસાર આજથી ત્રણ દિવસ તાપમાનમાં ત્રણ ડિગ્રી સુધીનો ઉછાળો પણ નોંધાઈ શકે છે. બીજી તરફ સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાતા હાલ સૌરાષ્ટ્ર કચ્છ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેશે તેવી ચેતવણી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

# EVM નિર્ધારિત બૂથ પર પહોંચશે

## વહીવટી તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી : ફરજ પરના અધિકારીઓ - કર્મચારીઓ મતદાન બુધ પર લેશે કંટ્રોલ



રાજકોટ, તા. ૨૪

ચૂંટણીના પડઘમ શાંત થઈ ચૂક્યા છે અને આવતીકાલે સવારથી જ મતદાન શરૂ થશે ત્યારે હવે મતદાન માટે ગણતરીની કલાકો જ બાકી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણી નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ આજે ચૂંટણી ફરજ પર મુકાયેલા કર્મચારીઓ તથા રિસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર પરથી ઈવીએમ મશીન એસટીની ખાસ બસ સહિતમાં રવાના થશે જે માટેની વ્યવસ્થા પણ કરી લેવામાં આવી છે. અને ઈવીએમ મશીન સાથે ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના મતદાન મથકો પણ સંભાળી લેશે. સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં કાલે મતદાન સવારના ૭થી સાંજના ૬ વાગ્યા સુધી થનાર છે.

મતદાનની આ પ્રક્રિયા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે રાજય ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ પ્રતિબંધાત્મક આદેશ કરી દેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ મહાનગર પાલિકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકોની ચૂંટણી માટે ૧૦૧૪ મતદાન મથકો પર ૮૯૪૮ પોલીંગ સ્ટાફ તૈનાત કરવામાં આવેલ છે.

આવી જ રીતે જીલ્લા પંચાયતની ૩૬ અને તાલુકા પંચાયતની ૨૦૨ બેઠકો માટેની ચૂંટણી માટે ૧૧૮૬ મતદાન બુથો પર ૮૪૮૦ પોલીંગ સ્ટાફને ફરજ સોપવામાં આવી છે. જયારે ગોંડલ નગરપાલિકાની ચૂંટણી માટે ૧૭૦૨ પોલીંગ સ્ટાફને જવાબદારી સોંપવામાં આવી છે. ગોંડલ નગરપાલિકાની ચૂંટણી માટે ૫૮ બુથો નિયત કરવામાં આવેલ છે. જીલ્લાના સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં ૧૯૦૦૦થી વધુ કર્મચારીઓનો કાફલો ફરજ પર મુકવામાં આવેલ છે આજે સાંજના પાંચ વાગ્યાથી પ્રચાર પડઘામાં શાંત થતા જ લાઉડસ્પીકરો અને જાહેર સભાઓ મારફત થતા પ્રચાર પ્રસાર પર રોક લાગશે. જોકે ઉમેદવારો ગ્રુપ મીટીંગો અને ડોર ટુ ડોર મતદારોનો સંપર્ક કરી મતદારોને મત આપવા માટે રીઝવી શકશે.

સ્થાનિક સ્વરાજની આ ચૂંટણી માટે જીલ્લામાં ૨૨૫૫ જેટલા મતદાન બુથો નિયત કરવામાં આવેલ છે. દરેક મતદાન બુથો પર મતદારોની સંખ્યાનો ક્રાઈટ વિસ્તાર ૧૨૦૦ નકકી કરવામાં આવેલ છે. જીલ્લામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં આ ચૂંટણી યોજાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

### મતદાન મથકની હદની ૨૦૦ મીટરની અંદર વિવિધ પ્રવૃત્તિઓ પર શહેર પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધ ફરમાવાયો

# મતદાર કાપલી વિતરણનો એક જ કેમ્પ રાખી શકાશે

રાજકોટ તા. ૨૪

રાજકોટ શહેરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું ચુસ્તપણે પાલન થાય તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં વિવિધ પ્રતિબંધો લાદતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ જાહેરનામામાં ફરમાવ્યું છે કે, ૨૬મી એપ્રિલે મતદાનના દિવસે કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેમના એજન્ટો કે તેમના સમર્થકો મતદાન મથકની ૨૦૦ મીટરની હદની અંદર મતદારોને મતદાર યાદીનો ક્રમ કાઢી આપવા કે કાપલી લખી આપવા માટેના કેમ્પ ઊભા કરી શકશે નહીં.

આ મર્યાદાની બહાર દરેક ઉમેદવાર દીઠ માત્ર એક જ કેમ્પ રાખી શકાશે, જેમાં એક ટેબલ, બે ખુરશી અને તડકાથી બચવા માટે છત્રી કે તાડપત્રીનો ઉપયોગ કરી શકાશે. આ કેમ્પ ઊભા કરવા માટે ઉમેદવારે સંબંધિત ચૂંટણી અધિકારીને જ્યાં કેમ્પ રાખવાના હોય તે મતદાન મથકોની યાદી આપીને સ્થાનિક સત્તા મંડળની લેખિત પરવાનગી મેળવવાની રહેશે. કેમ્પમાં વપરાતી કાપલી પર ઉમેદવારનું નામ, પ્રતીક કે પક્ષનું નામ હોવું જોઈએ નહીં. ઉમેદવારોના કેમ્પ સાદા હોવા જોઈએ અને ત્યાં કોઈ પણ પ્રકારના પોસ્ટર, વાવટા કે પ્રચાર સામગ્રીનું પ્રદર્શન કરી શકાશે નહીં. કેમ્પ પર ભીડ એકઠી કરવા કે ખાદ્ય સામગ્રીના વિતરણ પર પણ સખત મનાઈ ફરમાવવામાં આવી છે.

મતદાન મથકની ૧૦૦ મીટરની હદમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન કે વાયરલેસ સેટ લઈ જવા પર પ્રતિબંધ રહેશે. આ આદેશોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે ફરિયાદ નોંધવા માટે અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.



# મોરબીનો સિરામિક ઉદ્યોગ ફરી ધમધમશે

## ઉપયોગમાં લેવાતા ગેસની જરૂરિયાતને પહોંચી વળવા ગેસ નેટવર્ક ઉભું

રાજકોટ, તા. ૨૪

મિડલ ઈસ્ટ કન્ડિશન ન ધ્યાને લઈ અનેકવિધ ઉદ્યોગોને માઠી અસરનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે ગેસ સપ્લાય અપૂરતી હોવાના કારણે સીરામીક ઉદ્યોગ સંપૂર્ણપણે પડી ભાંગ્યો છે. ત્યારે તેને પુનઃ જીવંત કરવા માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા અને ખાસ સરકારને રજૂઆત પણ કરવામાં આવતી હતી પરંતુ યોગ્ય વ્યવસ્થા થઈ ન શકતા સિરામિક એકમો બંધ હાલતમાં જોવા મળ્યા ત્યારે ફરી એક વખત સિરામિક ઉદ્યોગો ધમધમ છે કારણ કે ગુજરાત ગેસ દ્વારા ગેસ વિતરણ માટેની જે ચેન છે તેને વિકસિત કરી હોવાનું જાણવા મળ્યું છે . આ સંકટના પરિણામે કાચા માલના ખર્ચમાં વધારો, પ્રોપેનના ઔદ્યોગિક ઉપયોગ પર મૂકવવામાં આવેલ કાપ અને વધેલા પરિવહન ખર્ચને કારણે મોરબીના અનેક સિરામિક એકમોએ માર્ચ ૨૦૨૬ના બીજા પખવાડિયાથી સ્વૈચ્છિક રીતે કામગીરી બંધ કરી દીધી હતી, જેના કારણે ૨ લાખથી વધુ કામદારોની રોજીરોટી પર અસર પડી હતી. આ પરિસ્થિતિમાં, ગુજરાત ગેસનું મુખ્ય ધ્યેય ઉદ્યોગોને તેમની જરૂરિયાત મુજબ ગેસનો પુરવઠો, સ્પર્ધાત્મક પરંતુ સ્થિર ભાવે ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા પર હતુ. ગુજરાત ગેસની સ્થાનિક તેમજ કોર્પોરેટ ટીમોએ મોરબીના સિરામિક એસોસિએશન સહિતના ઉદ્યોગકારો સાથે વ્યાપક રીતે સંકલન કરીને ઉદ્યોગોની કામગીરી ફરી શરૂ થાય એ માટે સહાય કરી. આ સંયુક્ત અને સકારાત્મક પ્રયાસોના પરિણામો હવે દેખાવા લાગ્યા છે, અને એપ્રિલ ૨૦૨૬ દરમિયાન મોરબીમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ ધીમે ધીમે પુનઃ શરૂ થઈ રહી છે. માર્ચ ૩૧ની તારીખે ગેસનો દૈનિક વપરાશ ૩.૬ લાખ ક્યુબિક મીટર હતો (૮૩ વપરારાકર્તા ગ્રાહકો) જે વધીને અત્યારે દૈનિક ૨૭ લાખ ક્યુબિક મીટર (૨૯૦ વપરાશકર્તા ગ્રાહકો) સુધી પહોચ્યો છે, જે નીચેના ગ્રાફપરથી સ્પષ્ટ થાય છે. ગુજરાત ગેસે, ગેસની ઉપલબ્ધતા, ભાવ અને ગ્રાહકોની જરૂરિયાત જેવા મુદ્દાઓ બાબતે ઉદ્યોગની ચિંતાઓનું અસરકારક નિરાકરણ કર્યું છે.



સિરામિક એકમો સાથે ગેસ સેલ્સ એગ્રીમેન્ટ્સ સાઈન કર્યા છે. પરિણામે કાર્યરત એકમો હાલના અંદાજે ૨૭૦થી વધીને મે ૨૦૨૬ સુધીમાં લગભગ ૬૭૫ થી ૭૦૦ સુધી પહોંચવાની શકયતા છે જેનો કુલ વપરાશ દૈનિક ૬૦-૭૦ લાખ કયુબિક મીટર સુધી રહેવાનો અંદાજ છે.

ગુજરાત ગેસ દ્વારા વૈવિધ્યપૂર્ણ સોર્સિંગ વ્યૂહરચનાને લીધે મે-૨૦૨૬ના મહિના માટે અવિરત ગેસ પુરવઠા અને ભાવોની ખાતરી આપવામાં આવી છે જેના પરિણામે ઉદ્યોગોમાં વિશ્વાસ વધ્યો છે અને સમગ્ર ક્લસ્ટરમાં ઉત્પાદન પુનઃ શરૂ થવા માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું છે. ઔદ્યોગિક પ્રવૃત્તિઓના પુનઃપ્રારંભથી અસરગ્રસ્ત થયેલા લગભગ ૨ લાખ કામદારોને ફરી રોજગારના અવસર મળશે.

# પ્રચાર પ્રસારના ભૂંગળા શાંત




## દરેક રાજકીય પક્ષ ગ્રુપ મીટીંગ યોજશે : બેઠકો અંગે કરવા આજે કતલની રાત

રાજકોટ, તા. ૨૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ શાંત થઈ ચૂક્યા છે હવે માત્ર ને માત્ર આડે મતદાનને એક જ દિવસે ત્યારે દરેક રાજકીય પક્ષ અને પક્ષના ઉમેદવારો ગ્રુપ મીટીંગો યોજી લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરશે જે કરવાનું હતું તે સમય વયો ગયો ત્યારે હવે બાકી એક જ દિવસ ચૂંટણીના આડે રહ્યો છે ત્યારે દરેક રાજકીય પક્ષ અને ઉમેદવારો પોતાની એડી ચોટી નું જોર લગાવી દરેક સંભવત પ્રયત્નો કરશે કે મતદારો તેઓને મત આપે.

ઉમેદવારો મતદારોને રીઝવવા માટે ડોર ટુ ડોર સંપર્ક કરી શકશે. પ્રચારના ભૂંગળા ગઈકાલે સાંજથી શાંત પડતા જ જાહેરસભાઓ, લાઉડ સ્પીકરો દ્વારા થતા પ્રચાર-પ્રસાર પર રોક લાગી ગઈ છે ત્યારે આજે કતલની રાત હોવાથી ઉમેદવારો બેઠકો અંગે કરવા દરેક તોડજોડની રાજનીતિ અપનાવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, ગત તા.૬ એપ્રિલના સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થતા જ રાજકીય પક્ષોના તેમજ અપક્ષ ઉમેદવારોએ નામાંકન પત્રો ભરી ઝંઝાવાતી પ્રચારમાં લાગી ગયા હતા. જેમાં છેલ્લા બે દિવસ દરમિયાન મુખ્ય રાજકીય પક્ષો દ્વારા બેઠકો અંકે કરવા માટે રેલીઓ- રોડ શો અને જાહેરસભાઓ યોજી પૂરી તાકાત કામે લગાડી દેવામાં આવી છે. આજે સાંજના પાંચ વાગ્યાથી પ્રચાર પડઘમ શાંત થતા જ રાજકીય પક્ષોના કાર્યકરો અને આગેવાનોએ જેતે મતદાર ન હોય તેઓને વિસ્તાર છોડવો પડશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં આ ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે ખાસ પગલા લેવામાં આવેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ બુથો પર વિશેષ પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર-કચ્છમાં સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં ૩૪૨૪ બેઠકો પર ૯૦૦૦થી વધુ ઉમેદવારો મેદાનમાં છે.

તા.૨૬ને રવિવારે સવારના ૭ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી મતદારો મતદાન મથકો પર મતદાન કરી શકશે જયારે જયાં પુનઃમતદાનની જરૂર હોય ત્યાં ચૂંટણીના બીજા દિવસે એટલે કે તા.૨૭ના પુનઃમતદાન થશે જયારે મત ગણતરી તા.૨૮ના મંગળવારે સવારથી મતગણતરી સેન્ટરો પર થશે.

આ વખતે ચૂંટણીમાં એકંદરે નિરસતા જોવા મળી છે રાજકીય પક્ષોએ જોર લગાવ્યા પછી પણ પોતાનું મન કળવા દીધુ નથી. બીજી તરફ ઉનાળાની કાળઝાળ ગરમીનો પારો સતત ઉપર ચડી રહ્યો હોય આકરા તાપની મતદાન પર અસર પડે તેવી શકયતા રહેલી હોય વહીવટી તંત્ર દ્વારા મતદાર જાગૃતિના કાર્યક્રમો સતત યોજવામાં આવી રહ્યા છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં શાંતીપૂર્ણ વાતાવરણમાં સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીનું મતદાન થાય તે માટે રાજય ચૂંટણી આયોગ અને વહીવટી તંત્ર દ્વારા તમામ કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# કમળ-પંજો અને સાવરણો

## ત્રિપાંખિયા જંગની કતલની રાતમાં મતદારોની કસોટી




ચૂંટણીનો પ્રચાર શાંત થઈ ગયો છે. માઈક્રોફોનની ગર્જનાઓ થમી ગઈ છે. હવે વારો છે 'કતલની રાત'નો. આ એ રાત છે જ્યાં કમળ, પંજો અને સાવરણો ત્રણેય મેદાનમાં છે. ત્રિપાંખિયા જંગમાં આ વખતે રાજકીય ગરમાવો ચરમસીમાએ છે. પ્રવાહનો અભાવ હોવાથી વાતાવરણમાં એક અજીબ રહસ્ય સર્જાયું છે. કોણ જીતશે અને કોણ હારશે, તે કહેવું મુશ્કેલ છે.

પેનલો તૂટવાનો ભય અને રહસ્યમય વાતાવરણ નેતાઓને અને પક્ષોને મુંઝવી રહ્યુ છે.ચૂંટણીમાં જ્યારે ત્રણ મુખ્ય પક્ષો હોય, ત્યારે સમીકરણો બદલાય છે. આ વખતે કોઈ સ્પષ્ટ લહેર દેખાતી નથી. આ સ્થિતિમાં રાજકીય પક્ષોને પોતાની પેનલો તૂટવાનો ભય સતાવી રહ્યો છે. મતદારો કઈ તરફ વળશે, તે મોટો પ્રશ્ન છે. કતલની રાતે મોટા સેટિંગ અને ગુપ્ત ઓપરેશનો થતા હોવાની માન્યતા દ્રઢ છે. રાતોરાત મતદારોના મન ફેરવવાના પ્રયાસો થતા હોય છે. આ રાત વ્યૂહરચનાકારો માટે ઊંઘ હરામ કરનારી હોય છે.

આજે રાત્રીના મતદારોની આકરી કસોટી થશે. ચૂંટણી એ લોકશાહીનો ઉત્સવ છે, પણ આ રાત મતદારો માટે કસોટી સમાન છે. જ્યારે અનેક પક્ષો મેદાનમાં હોય, ત્યારે યોગ્ય ઉમેદવાર પસંદ કરવો એ મોટી જવાબદારી છે. મતદારોએ પક્ષની વિચારધારા અને ઉમેદવારની લાયકાત બંને જોવી પડે છે. આ સમયે જનતાએ સાવધ રહેવાની જરૂર છે. કોઈના પ્રભાવમાં આવ્યા વગર સ્વનિર્ણય લેવો જરૂરી છે. લોભ અને લાલચથી પર થવું અનિવાર્ય છે. આપણે મતાધિકારને 'મતદાન' કહીએ છીએ. 'દાન' શબ્દ પવિત્રતા સૂચવે છે. તે વેચવાની વસ્તુ નથી. જો કોઈ પક્ષ કે ઉમેદવાર મત ખરીદવાનો પ્રયાસ કરે, તો મતદારોએ તેને જડબાતોડ જવાબ આપવો જોઈએ. તમારો મત એ ભ્રષ્ટાચાર સામેનું બ્રહ્માસ્ત્ર બની શકે છે. લોભ, લાલચ કે કોઈ પણ પ્રકારના ભયથી દૂર રહીને મતદાન કરવું એ દરેક નાગરિકની ફરજ છે.

વ્યાપક હિતનો વિચાર જરૂરી બન્યો છે.

મતદાન કરતી વખતે વ્યક્તિગત સ્વાર્થને બાજુ પર મૂકવો જોઈએ. સમાજ અને રાષ્ટ્રના વ્યાપક હિતનો વિચાર કરીને બટન દબાવવું જોઈએ. લોકશાહી ત્યારે જ મજબૂત બનશે જ્યારે મજબૂત ચારિત્ર્ય ધરાવતા લોકો સત્તા પર આવશે. કતલની રાતના પ્રલોભનો સામે અડીખમ રહીને, વિવેકબુદ્ધિથી કરેલું મતદાન જ સાચું પરિવર્તન લાવી શકે છે. તમારી એક આંગળીનું નિશાન દેશનું ભવિષ્ય નક્કી કરશે.

# રાઘવ ચઢ્ઢા ભાજપમાં

## રાઘવ ચઢ્ઢા મુદ્દે રાજકારણ ગરમાયુંઃ કેજરીવાલે ભાજપને લીધું આડે હાથ : કેજરીવાલે ભાજપની 'દગાબાજી' પર કર્યા પ્રહાર

નવી દિલ્હી, તા.૨૪

આમ આદમી પાર્ટીના રાજ્યસભાના બે તૃતિયાંશ (૨/૩) સભ્યો સાથે રાઘવ ચઢ્ઢાએ ભાજપમાં જોડાવવાની જાહેરાત કરી છે. તે બાદ દિલ્હી, પંજાબ સહિત દેશના રાજકારણમાં ફરી ગરમાવો વધી ગયો છે. સમગ્ર મામલે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. રાઘવ ચઢ્ઢા મુદ્દે કેજરીવાલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં કહ્યું છે કે પભાજપે ફરી પંજાબીઓ સાથે દગો કર્યો.

પંજાબીઓ સાથે ભાજપે ફરી દગો કર્યો, રાઘવ ચઢ્ઢા મુદ્દે કેજરીવાલની પહેલી પ્રતિક્રિયા બીજી તરફ દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરતા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે ભારતીય જનતા પાર્ટી અને તેના ટોચના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર પઓપરેશન લોટસથ દ્વારા પંજાબ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. પઓપરેશન લોટસથ ખરેખર હલકી રાજનીતિનું એક ઉદાહરણ છે. તે માત્ર સત્તા કબજે કરવાનો પ્રયાસ નથી, પરંતુ પંજાબમાં ચાલી રહેલા જનહિતના કાર્યોને રોકવાનું એક ષડયંત્ર છે.

જનતા સાથે વિશ્વાસઘાત કર્યો, નામ યાદ રાખજો તેવું કહીને સંજયસિંહએ આરોપ લગાવ્યો કે, પઆમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાત સાંસદોને તોડીને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા છે. પંજાબની જનતાએ આ નામો યાદ રાખવા જોઈએ,




કારણ કે આ લોકોએ 'ગદ્દારી' કરી છે. આ સંદર્ભમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, રાજેન્દ્ર ગુપ્તા, અશોક મિત્તલ, સ્વાતિ માલીવાલ અને હરભજન સિંહ જેવા નામોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, જનતાએ આ તમામને સામાન્ય સ્તરેથી ઉઠાવીને સંસદ સુધી પહોંચાડ્યા, પરંતુ હવે તેઓએ જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે. સંજય સિંહે કહ્યું કે આ નેતાઓએ પંજાબની જનતાની પપીઠમાં છરો ભોંકવાનુંપ કામ કર્યું છે અને રાજ્ય સાથે ગદ્દારી કરી છે. તેમના મતે, જનતા આ વિશ્વાસઘાતને ક્યારેય માફ નહીં કરે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ED અને

### પાર્ટીઓ તોડવા પવોશિંગ મશીનપનો ઉપયોગઃ CM ભગવંત માન

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ અઅઙમાંથી ભાજપમાં ભળેલા સાંસદોની ઝાટકણી કાઢતા કહ્યું કે, પભાજપે પંજાબ સાથે ગદ્દારી કરી, ભાજપનું પંજાબમાં કોઈ અસ્તિત્વ જ નથી, ભાજપનું પોતાનું કઈ જ નથી માટે આ પ્રકારના તુક્કા લગાવી રહી છે. ભાજપ પંજાબ જીતી શકતી નથી, આ પ્રકારે વોશિંગ મશીનનો ઉપયોગ કરીને શરદ પવારની પાર્ટી અને શિવસેના ઉદ્ધવ ઠાકરેની તેમજ કોંગ્રેસની પાર્ટીને તોડી નાખવામાં આવી હતી. પંજાબમાં ભાજપનો કોઈ જ જનાધાર નથી. ભાજપ તેની સાથે વિલય કરનારા લોકોને પણ ગળી જાય છે, આ સાત લોકો પાર્ટીનો ભાગ નથી, ગદ્દારોના જવાથી કોઈ ફર્ક પડતો નથી, જનતાના પ્રેમની કોઈ કિંમત હોતી નથી, પંજાબની જનતાનો પ્રેમ કોઈ પણ કિંમતે ખરીદી શકાશે નહીં.

CBI જેવી કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે થોડા દિવસો પહેલા અશોક મિત્તલ પર EDની કાર્યવાહી કરવામાં આવી હતી અને આ બધી ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી છે.

# ડૂબીશું-તરીશું સાથ સાથ : અજીત ડોભાલ

## PM કાર્યાલયમાં યોજાયેલી મહત્વની બેઠકમાં મુસ્લિમ સમુદાયને ડોભાલનો સંદેશ

નવી દિલ્હી, તા.૨૪

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલ અને ભારતીય મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે વડાપ્રધાન કાર્યાલયમાં ગત ૧૮ એપ્રિલે એક મહત્વની બેઠક થઈ હતી. આ મીટિંગમાં મુસ્લિમ સમુદાયના અલગ-અલગ ક્ષેત્રોના લોકો સામેલ હતા.

આ બેઠક દરમિયાન NSAએ કહ્યું કે ભારતમાં રહેતા હિન્દુ અને મુસલમાન એક જ જહાજના મુસાફરો જેવા છે. આ બેઠકનો ઉદ્દેશ્ય પરંપરાગત વોટ-બેંકના રાજકારણથી દૂર રહીને મુસ્લિમ સમુદાયના વિકાસ, શિક્ષણ અને ઉદ્યોગસાહસિકતાના ભવિષ્ય પર ચર્ચા કરવાનો હતો.

બેઠકમાં ઉપસ્થિત મહેમાનોને આશરે દોઢ કલાક સુધી ધૈર્યપૂર્વક સાંભળ્યા બાદ અજીત ડોભાલે અંગ્રેજી અને ઉર્દૂના મિશ્રણવાળું એક પ્રભાવશાળી ભાષણ આપ્યું. તેમના એક વાક્યએ ત્યાં હાજર તમામ લોકોના દિલ જીતી લીધા. ડોભાલે કહ્યું, પઆપણે (હિન્દુ અને મુસલમાન) એક જ જહાજ પર સવાર છીએ. આપણે કાં તો સાથે તરીશું અથવા સાથે ડૂબીશું! અમે પણ નવા ભારતનો હિસ્સો છીએથ તેવો દાવો કરતા મુસ્લિમ પ્રતિનિધિ મંડળના શિક્ષણવિદ અને વ્યવસાયી ઝફર સરેશવાલાએ કર્યું હતું. તેમણે સરકાર પાસે સમાન તકની માંગ કરતા કહ્યું ,થઅમે પણ નવા ભારતનો હિસ્સો છીએ. બેઠકમાં ઝફર સરેશવાલા- શિક્ષણવિદ અને વ્યવસાયી, ફારુક પટેલ- ચેરમેન, કેપી ગ્રુપ (રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં અબજો ડોલરનું સામ્રાજ્ય) ઈનામુલ રાકી- સીએમડી, જર્મન સ્ટીલ કંપની (૧ બિલિયન ડોલર ટર્નઓવર), ઈબરાર ઈરાકી- કાર્યકારી નિર્દેશક, જર્મન સ્ટીલ લિમિટેડ જુનૈદ શરીફ- સીઈઓ, નિટોન વાલ્વ્સ લિમિટેડ, અલ્તાફ સાદિકોટ- વરિષ્ઠ પદાધિકારી, દાઉદી વ્હોરા જમાત, નઈમા ખાતૂન- કુલપતિ, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU), સમીના શેખ- ઝૂમ ટીવી



(મીડિયા), સહર ભામલા- પર્યાવરણ કાર્યકર. ડો. નિશાદ હુસૈન- એમ્સ (AIIMS) ની ગોલ્ડ મેડલિસ્ટ ડોક્ટર ડો. ઝહીર કાઝી- અધ્યક્ષ, અંજુમન-એ-ઈસ્લામ (પ્રમુખ શૈક્ષણિક સંસ્થા). ઝફર એમ. લારી- જીએલએસ સ્વિચગિયર્સ લિમિટેડ. હાજી રયામા- કચ્છ (ગુજરાત) થી પ્રતિનિધિત્વ. કૌસર જહાં- અધ્યક્ષ, ભારતીય હજ સમિતિ, અજીત ડોભાલની આ પહેલ દર્શાવે છે કે રાષ્ટ્રીય સુરક્ષા માત્ર સરહદોની રક્ષા પૂરતી મર્યાદિત નથી, પરંતુ દેશની અંદર દરેક સમુદાયને સશક્ત અને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવવો પણ તેનો ભાગ છે. ઉદ્યોગ જગતથી લઈને શિક્ષણ અને સ્વાસ્થ્ય સુધી ફેલાયેલા આ પ્રતિનિધિમંડળે એ સંદેશ આપ્યો છે કે ભારતીય મુસ્લિમ સમુદાય હવે માત્ર રાજકીય મહોરા તરીકે નહીં, પરંતુ પઆત્મનિર્ભર ભારતથના સક્રિય ભાગીદાર તરીકે પોતાની ઓળખ બનાવી રહ્યો છે.

# સુપ્રીમ કોર્ટે ૬૫ ચૂંટણી અધિકારીઓને મતદાન કરવાની ના પાડી દીધી !

## ચૂંટણી તંત્રની મોટી બેદરકારી? ખુદ ચૂંટણી અધિકારીઓના નામ જ યાદીમાંથી ગાયબ, સુપ્રીમે કહ્યું પહેલા નામ નોંધાવો પછી જ વોટ

નવી દિલ્હી, તા.૨૪

સુપ્રીમ કોર્ટે શુક્રવારે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના પસ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનપ (SIR) દરમિયાન જે લોકોના નામ યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા હતા, તેમની અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

નોંધનીય છે કે, જે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે, તેમાં ચૂંટણી ડ્યુટી પર તેહનાત લગભગ ૬૫ અધિકારીઓ પણ સામેલ છે. આ મામલાની સુનાવણી ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની ખંડપીઠે કરી હતી.

અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ એમ.આર. શમશાદે કોર્ટને જણાવ્યું કે, પઅનેક અધિકારીઓના નામ કોઈપણ નક્કર કારણ આપ્યા વિના મનસ્વી રીતે મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેમણે અદાલત સમક્ષ પોતાની વાત મૂકતા કહ્યું કે, પઆ ૬૫ અરજદારો હાલ ચૂંટણી ડ્યુટી પર છે. તેમના ડ્યુટી ઓર્ડરમાં તેમના મતદાર ઓળખપત્ર (EPIC) નંબર સ્પષ્ટપણે નોંધાયેલા છે. પરંતુ હવે તે નંબર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. તેનો સીધો અર્થ એ થયો કે જે લોકો ચૂંટણી સંપન્ન કરાવી રહ્યા છે, તેઓ પોતે જ મતદાન નહીં કરી શકશે! પ્રથમ દૃષ્ટિએ આ એક મનસ્વી વલણ છે અને ઘણા લોકોને તો તેનું કારણ પણ જણાવવામાં નથી આવ્યું.

એક અહેવાલ પ્રમાણે ખંડપીઠે અરજદારોને આ મામલે સીધી



રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. અદાલતે તેમને તે અપીલીય ટ્રિબ્યુનલનો સંપર્ક કરવા કહ્યું, જેની સ્થાપના જ સર્વોચ્ચ અદાલતના આદેશ પર જ આ પ્રકારની ફરિયાદો સાંભળવા માટે કરવામાં આવી હતી. CJI સૂર્યકાંતે નિર્દેશ આપતા કહ્યું કે, પતમારી આ દલીલો અપીલીય ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરો. ટ્રિબ્યુનલને આ મામલાની તપાસ કરવા દો.થ

જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ એ વાતનો સ્વીકાર કર્યો કે, પજે લોકોની અપીલ હાલ પડતર છે, તેઓ કદાચ પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલી વિધાનસભા ચૂંટણીમાં મતદાન નહીં કરી શકશે. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું કે, પમતદારો પોતાની અપીલની પ્રક્રિયા ચાલુ રાખી શકે છે, જેથી ભવિષ્ય માટે મતદાર યાદીમાં તેમનું નામ પુનઃસ્થાપિત થઈ શકે. ટ્રિબ્યુનલ દ્વારા યોગ્ય આદેશો પસાર કરવામાં આવશે... એ સાચું છે કે કદાચ તેઓ આ વર્તમાન ચૂંટણીમાં મતદાન ન કરી શકે. પરંતુ મતદાર યાદીમાં નામ જાળવી રાખવાનો જે વધુ મૂલ્યવાન અધિકાર છે, તેને દરેક સંજોગોમાં સુરક્ષિત રાખવામાં આવશે.

પશ્ચિમ બંગાળ સહિત ભારતના વિવિધ રાજ્યોમાં SIR પ્રક્રિયાને પડકારતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં હાલ વિચારાધીન છે, કારણ કે આ પ્રક્રિયા હેઠળ મોટા પાયે લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. જેના કારણે દેશભરમાં સવાલો ઉઠી રહ્યા છે.

ભારત નિર્વાચન આયોગ (ECI) અને પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે પવિશ્વાસના અભાવથને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરીએ એક મોટો નિર્ણય લીધો હતો. અદાલતે પશ્ચિમ બંગાળમાં SIRની જવાબદારી રાજ્ય સરકારને બદલે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને ઝારખંડના ન્યાયિક અધિકારીઓને (જિલ્લા ન્યાયાધીશો અને નિવૃત્ત ન્યાયાધીશો સહિત) સોંપી દીધી હતી. આ કામગીરી માટે અંદાજે ૯૦૦ જેટલા ન્યાયિક અધિકારીઓને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૬ એપ્રિલ સુધીમાં આ અધિકારીઓએ લગભગ ૬૦ લાખ વાંધા અરજીઓનો નિકાલ કર્યો હતો, જેના પરિણામ સ્વરૂપ ૨૭ લાખ લોકોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર જ ન્યાયિક અધિકારીઓના નિર્ણયો સામેની અપીલ સાંભળવા માટે પઅપીલીય ટ્રિબ્યુનલથની રચના કરવામાં આવી હતી. વર્તમાનમાં લગભગ ૧૯ જેટલા અપીલીય ટ્રિબ્યુનલ સક્રિય છે અને અપીલો સાંભળી રહ્યા છે.

૧૩ એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે, જે મતદારોને ચૂંટણીના ઓછામાં ઓછા બે દિવસ પહેલા આ ટ્રિબ્યુનલ દ્વારા મંજૂરી મળી જશે તેઓ વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરી શકશે. જોકે, અહેવાલો પ્રમાણે અપીલ ટ્રિબ્યુનલ દ્વારા અત્યાર સુધીમાં માત્ર ૧૩૬ અપીલો પર જ અંતિમ ચુકાદો આપવામાં આવ્યો છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ રત્નાવલી (ભાગ- ૪)

### "નામ નિરૂપણ" આ સૂત્રના ચાર સ્તંભ છે, સ્વરૂપ, મહિમા, રહસ્ય, અને પ્રભાવ.



માનસ રત્નાવલીનાં ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે નારી એક રત્ન અને એ રીતે તો રત્નાવલી રત્ન છે જ. એક પ્રશ્ન છે નામ નિરુપણમાં નિરુપણનો અર્થ શું થાય ? માનસમાં બ્રહ્મ નિરુપણ, અને ભક્તિ નિરુપણ શબ્દ પણ છે ! પરંતુ પૂછવામાં આવ્યું છે નામ નિરુપણ! તો નિરુપણ નાં ચાર સ્તંભ છે. આપણે જેનું નિરૂપણ કરવા માંગતા હોઈએ એનું સ્વરૂપ જાણવું પડે, બીજું એનો મહિમા જાણવો પડે, ત્રીજું એનું રહસ્ય જાણવું પડે, અને ચોથું એનો પ્રભાવ જાણવો પડે, આ ચાર સ્તંભ છે. બ્રહ્મનું સ્વરૂપ શું છે? એનો મહિમા શું છે? એનું રહસ્ય શું છે? અને એનો પ્રભાવ શું છે? એ વાતમાં આપણે ન જોઈએ, અહીં નામની વાત છે તો નામનું સ્વરૂપ શું છે? આપ રામ રામ બોલો, કૃષ્ણ કૃષ્ણ બોલો શિવ શિવ બોલો, અને એટલે જ નામ દીક્ષા અથવા નામદાન એવો શબ્દ પ્રયોગ થાય છે. સ્વરૂપનો બોધ ગુરુ વિના શક્ય નથી. રામ નામનું સ્વરૂપ કોઈ બુદ્ધ પુરુષ પાસેથી જાણવું પડે, બાકી ભ્રામક વસ્તુઓ આપણને ભ્રમિત કરી દે, અને નામ મણિને બદલે આપણે કાચ લઈ લઈએ. જેમ કે બન્દે બોધમયં નિત્યં ગુરું શંકરરુપિણમ્. બીજો એક પ્રશ્ન છે કે! ઉપદેશ કોની પાસેથી લઈએ? અંગત વાત વ્યક્તિગત હોય એનો ઉપદેશ પોતાના ગુરુ પાસેથી લેવો, પણ સાર્વભૌમ ઉપદેશ મહાદેવ પાસેથી લેવો. મહાદેવ ચોવીસ કલાક રામ રામ જપે છે, રામ બીજ મંત્ર છે અને પ્રણવ મંત્ર કે ઓમકારનું બીજ તત્વ રામ છે. જય સીયારામ પણ નામ મંત્ર છે, અને એટલાં માટે તલગાજરડા ના સાધુનો મંત્ર જય સીયારામ છે, પણ આ નારાને સાંપ્રદાયિક નામ આપી દીધું.

નામ નાં નિરૂપણ માટે જેણે નામ કે રામના સ્વરૂપ ને જાણ્યું છે, એને પાસેથી લેવો. શિવ સમાન કોણ સાર્વભૌમ છે? ત્રિભુવન ગુરૂ છે. ભગવાન શિવ વિશ્વનાથ છે, અને રામ વિશ્વાસ છે! એટલે તત્વતઃ બંને એક જ છે! મૂળમાં મારા દાદા કહેતા કે સતત જપ કરનાર માટે નામનું સ્વરૂપ પ્રગટ થાય છે! જેને આલેખી શકાતું નથી! એને મહેસૂસ કરી શકો.બીજુ નામ નો મહિમા! તુલસીદાસજી એ રામનામ વંદનામાં નવ દોહામાં રામનામનો મહિમા ગાયો છે, અને બધાં જ શાસ્ત્રકારોએ નામનો મહિમા ગાયો છે. ત્રીજું છે નામ નિરૂપણનું રહસ્ય માનસમાં તુલસીદાસજી એક શબ્દ પ્રયોગ કર્યો છે, રામ રહસ્ય! રામનાં ઘણા રહસ્યો છે, એમના નામના તો એનાથી પણ વધારે રહસ્ય છે. જે એ રહસ્ય નથી જાણતાં, એ લોકો આલોચના કરે છે. નામનું અંગત રહસ્ય એને સાંભળવાથી અથવા તો વાંચવાથી નહીં થાય,પણ નામ મહિમા થોડો સમજાઈ જાય. પરંતુ રહસ્ય પામવા માટે તો ગુરુની જરૂર પડે. ચોથુ નામ પ્રભાવ, નામ પ્રભાવ જાન શિવ નિકો. જ્યાં કથા હોય ત્યાં આટલા લોકો કથા સાંભળવા આવે આ શું મોરારીબાપુ નો પ્રભાવ છે? કથા ના પંડાલનો પ્રભાવ છે? ના આ નામનો પ્રભાવ છે! ગઈકાલે ૭૦ હજાર લોકોએ પ્રસાદ લીધો. કોનો પ્રતાપ છે આ કોનો મહિમા છે, બધા જ એ નામનાં પ્રભાવમાં આનંદ કરી રહ્યા છે,આ કેવળ રામ નામનો પ્રભાવ!

બરેલીની કથામાં મને પૂછવામાં આવ્યું કે હનુમાનજીના હાથમાંથી ગદા લઈ લીધી, અને વીણા પકડાવી દીધી, પણ એ ગદા ગઈ ક્યાં? મેં કહ્યું એ ગદા આપણી ચારે બાજુ ઘૂમી રહી છે, રક્ષા કરી રહી છે, આપણા તનની, મનની, બુદ્ધિની, બધાની રક્ષા હનુમાનજીની ગદા કરી રહી છે! જ્યાં પણ કથા થાય છે ત્યાં હનુમાનજી હોય છે, પ્રાણ વાયુના રૂપમાં, પવનના રૂપમાં, હનુમાન આવતા ન્હોય તો હું કથાનાં પ્રારંભે એને બોલાવુ શા માટે? આઈએ હનુમંત બિરાજીએ અને કથા વિસર્જન થાય, ત્યારે એને જવાનું કહું છું, એ કોઈ ચમત્કાર નથી. આપણે બધાં જ શ્વાસ લઈ રહ્યાં છીએ, એ હનુમાન છે. વિશ્વ વ્યાપક તત્વ આપણી સુરક્ષામાં છે, પરંતુ સાવધાન તો રહેવું જોઈએ! એટલે અહીં મૃત્યુની વાત નથી, પરમાત્મા સમયસર મૃત્યુ દરેકને આપે જ છે, પણ ભયભીત થવાનું નથી.

નામ રત્ન છે, તો એનું પણ સ્વરૂપ હોય એનો મહિમા અને એનું રહસ્ય શું? એ પણ જાણીએ ,અને એનો પ્રભાવ શું? નામ નિરૂપન નામ જતન તે, જતન નો અર્થ થાય છે શ્રદ્ધાપૂર્વક જાપ કરવા.

**સંપુટ ભરત સનેહ રતન કે,**
**આખર જગ જનુ જીવ જતન કે.**

ભક્તિ નિરૂપણમાં ભરતના પ્રેમને જતનથી રાખનારા બે અક્ષર છે રા અને મ રતનનું જતન થવું જોઈએ રત્નાવલી નું જતન થવું જોઈએ, રત્નાવલી એક બહુમૂલ્ય રત્ન છે. વિષયી લોકોને સ્ત્રી કેવી દેખાય? એને સ્ત્રીમાં સૌથી પહેલા એની કાયા જ દેખાય, એનું શીલ એનો સ્વભાવ એ કંઈ દેખાતું નથી. પરંતુ એ જ વિષયી લોકો જ્યારે સાધક બને ત્યારે, એને કાયા એટલે કે રૂપ ઓછું દેખાય, અને સાધકની ભૂમિકામાં જતાં જતાં સ્વરૂપનો ખ્યાલ આવવાં લાગે કે, આ તો માયા છે, પરંતુ જે સિદ્ધ થઈ જાય એને એ પરમાત્માની છાંયા લાગે, કે આ સ્ત્રી પરમાત્માનું પ્રતિબિંબ છે, પરમાત્માની ઝલક છે, અને એટલે જ એ નારી, તુલસીને તુલસી બનાવવાનું અદભુત કાર્ય કરી ગઈ.

એક અન્ય પ્રશ્ન છે બાપુ પુરુષ કેટલી કલાથી પૂર્ણ હોય છે, અને સ્ત્રી કેટલી કલાથી પૂર્ણ હોય! બ્રહ્મ સિવાય કોણ પૂર્ણ ? પૂર્ણમદઃ પૂર્ણમિદં,.. આપણે બધા જ અધુરા છીએ અને બ્રહ્મ પણ જ્યારે ૧૬ કળા અજીર્ત કરે, ત્યારે જ એ મનુષ્ય બન્યાં. ભગવાન કૃષ્ણને સોળ કળાના અવતાર માન્યા છે, રામ પણ ૧૬ કળાના અવતાર છે, જોકે અન્ય લોકો રામને બાર કળાના અવતાર કહે છે, એ એમના વિચાર છે.

પુરુષ એ પૂર્ણ થવું હોય તો એનામાં ૧૬ કળા હોવી જોઈએ પરંતુ સ્ત્રીને પૂર્ણ થવામાં ૧૬ કલાની જરૂર નથી, એનામાં ૧૫ કળા પર્યાપ્ત છે. વિશ્વની કોઈપણ નારી રત્ન છે, અને જતનથી રત્નાવલી થઈ જાય છે, તો માતૃ શરીર ૧૫ કળાથી પૂર્ણ થઈ જાય, રત્નાવલીમાં ૧૫ કળા છે. સાત કલા ભગવત ગીતાની, અને આઠ કલા રામચરિત માનસની, આ રીતે તલગાજરડી આખો રત્નાવલીનું દર્શન કરી રહી છે, આવું ચરિત્ર પ્રાપ્ત થાય એ પ્રત્યેક વ્યક્તિ નારી રત્ન છે. ભગવત ગીતાની સાત કલા, જે ભગવાન કૃષ્ણએ માતૃ શરીરમાં ગણાવી છે.

**કીર્તિ શ્રીવાક્ચ નારીણાં,**
**સ્મૃતિ મેધા ધૃતિ ક્ષમા.**
**રામચરિત માનસની આઠ કલા**
**સાહસ અનૃત ચપલતા માયા,**
**ભય અબિબેક અસૌચ અદાયા,**

રાવણ મંદોદરીને નારીના અવગુણ તરીકે આ આઠ ગણાવે છે, પરંતુ એ પણ એની કલા જ છે. આમ આ પંદર કલાથી નારી પૂર્ણ છે. રત્નાવલીની કીર્તિ ગાવા અને સાંભળવા માટે આપણે એકઠા થયા છીએ કેટલા દેશ લાઈવ કથા સાંભળી રહ્યા છે અને અને એની કીર્તિ કેવી હશે કે આટલા વર્ષો બાદ પણ આપણે આનંદ લઈ રહ્યા છીએ. શ્રી કોઈપણ સ્ત્રી શ્રી છે. શ્રી એટલે લક્ષ્મી એ રીતે જોઈએ તો ગરીબની સ્ત્રી પણ સ્ત્રી છે કારણ કે પોતાના બાળક કે પરિવાર માટે એ લક્ષ્મીસ્વરૂપ બની એનું જતન કરતી હોય છે. શંકર વિવાહ માટે હિમાચલ પ્રદેશ જાન લઈને પહોંચે છે, અને શંકર પાર્વતી નો વિવાહ થાય છે, અને પછી રામ જન્મ સુધીની કથા ગાઈ ! ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### બાળકોને કારણે બટાઝટી બોલવાની બે દિવસમાં સતત ત્રીજી ઘટના

# ઢગાએ બાળક, તેના ભાઈ અને માતાને ફટકારી ધમકી દીધી

## આંબેડકરનગરના બનાવમાં પોલીસે એટ્રોસીટી હેઠળ કાર્યવાહી કરીઃ આઈસ્ક્રીમ લેવા નીકળેલા સાત વર્ષના બાળકને કારણવગર મારનારાએ બાદમાં તેના મોટા ભાઈને, માતાને ગાળો દઈ અપમાનીત પણ કર્યા

રાજકોટ,તા.૨૪

જેને માથાકુટ કરવી છે એ કોઈપણ કારણ વગર પણ ડખ્ખા કરી લે છે. હાલમાં નાના બાળકોને કારણે બબાલના બનાવ વધી ગયા છે. ગઈકાલે જ બે ઘટનામાં ચૌદ-ચૌદ વર્ષના બાળકોને કારણે મોટેરા બાખડી પડ્યા હતાં અને તેના કારણે છરી-પાણકાથી હુમલાની ઘટનાઓ બની હતી. ત્યાં વધુ એક બનાવમાં આંબેડકરનગરમાં સાત વર્ષના બાળકને કારણે ડખ્ખો થયો છે. આ ટેણીયો આઈસ્ક્રીમ લેવા ઘરેથી બહાર ગયો ત્યારે વિસ્તારના શખ્સે તેને કારણ વગર માર માર્યો હતો. આ પછી બાળકનો મોટો ભાઇ સમજાવવા જતાં તેને પણ એ શખ્સે ફટકાર્યો હતો. એ પછી આ બંને ભાઈઓની માતા તેને સમજાવવા જતાં તેણી સાથે પણ આ શખ્સે ગાળાગાળી કરી તેમને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી દીધા હતાં.



વિગતો પર નજર કરીએ તો ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતો સાત વર્ષનો ટેણીયો આઈસ્ક્રીમ લેવા ઘરેથી બહાર જતાં વિસ્તારમાં જ રહેતાં શખ્સે તેને મારકુટ કરતાં રડતો રડતો ઘરે આવતાં તેનો ૧૭ વર્ષનો મોટો ભાઇ માથાકુટ કરનારા શખ્સને સમજાવવા જતાં તેણે આ મોટા ભાઈને પણ ગાળો દઇ પ્લાસ્ટીકના પાઇપથી ફટકાર્યો હતો. બાદમાં તેના માતા બચાવવા જતાં તેને પણ ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા હતાં. આ બનાવ અંગે માલવીયાનગર પોલીસે ગોંડલ રોડ ૧૫૦ ફુટ રીંગ રોડ પર આંબેડકરનગર-૧૩/૧૪ના ખુણે રહેતાં બત્રીસ વર્ષના રમીલાબેન નારણભાઇ ચાવડાની ફરિયાદ પરથી આંબેડકરનગરમાં જ રહેતાં વિશાલ રૂડાભાઇ બાબુતર વિરૂધ્ધ મારામારી અને એટ્રોસીટી એક્ટ હેઠળ એફઆઇઆર દાખલ કરી છે.

આ બનાવમાં રમીલાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હું ઘરકામ કરી મારૂ ગુજરાન ચલાવુ છુ અને મારા લગ્ન આશરે અઢાર વર્ષ પહેલા શાસ્ત્રીનગર શેરી નં-૦૫માં રહેતાં ચંદ્રેશભાઈ ડાયાલાલ પરમાર સાથે થયેલા અને આશરે ચારેક વર્ષ પહેલા મારે મારા પતિ ચંદ્રેશભાઇ સાથે માથાકુટ થતા અમારા છુટાછેડા થયા હતાં. મારે સંતાનમાં બે દિકરા છે, જેમા એક ૧૭ વર્ષનો અને બીજો ૬ વર્ષનો છે. વીસમી તારીખના સાંજના આશરે સાડા પાચેક વાગ્યાની આસપાસ નાનો દિકરો આઇસ્ક્રીમ લેવા માટે ઘરેથી નીકળ્યો હતો અને બાદમાં રડતો રડતો ઘરે આવ્યો હતો અને પોતાને ભરવાડના છોકરાએ માર્યો છે તેવુ કહ્યું હતું. આથી મારો મોટો દિકરા જે ૧૭ વર્ષનો છે તે તપાસ કરવા જતાં વિશાલ બાબુતરે માથાકુટ કરી હોવાનું જાણવા મળતાં તે વિશાલને સમજાવવા તેના ઘરે ગયો હતો. આથી વિશાલે ઉશ્કેરાઇ જઇ મારા દિકરાને જેમ ફાવે તેમ ગાળો દીધી હતી અને પ્લાસ્ટીકના પાઇપથી હુમલો કરી મારા દિકરાને માર માર્યો હતો. મને જાણ થતાં હું મારા દિકરાને બચાવવા ત્યાં દોડી ગઇ હતી. આ વખતે દિકરો મને શેરીમાં મળ્યો હતો અને પોતાને પાઇપથી માર માર્યાનું કહ્યું હતું. હું દિકરાને લઇને ઘરે જતી હતી ત્યારે ફરીથી વિશાલ આવ્યો હતો અને ગાળો દઇ કહ્યું હતું કે-તારા દિકરાને માર્યો તેમાં તમે શું બગાડી લેવાના હતાં? થાય તે કરી લેજો તેમ કહી અમને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા હતાં. આ માથાકુટને પગલે લોકો ભેગા થઇ જતાં વિશાલ ભાગી ગયો હતો. મારા દિકરાને ઇજા થઇ હોઇ ૧૦૮ બોલાવી સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. તેમ વધુમાં રમીલાબેને જણાવતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં હેડકોન્સ. સારગભાઇ સી. ઓગાણીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ બે દિવસમાં બાળકોને કારણે માથાકુટની આ ત્રીજી ઘટના બની હતી. આ બનાવમાં તો બાળકની સાથે સાથે તેના મોટા ભાઇ અને માતાને પણ મારકુટ થઇ હતી.

### ઓરડીના પતરાની સફાઇ વખતે પટકાતાં યુવાનનું મોત

## ગૂમ થયેલા શાપરના પાનના વેપારીની મિત્રની વાડીમાં લટકતી લાશ મળી

રાજકોટ,તા.૨૪

બે અલગ અલગ ઘટનામાં બે લોકોના મૃત્યુ થયા હતાં. જેમાં શાપર વેરાવળમાં રહેતાં અને પાનની દુકાન ચલાવતાં વેપારી ત્રણ દિવસ પહેલા ગૂમ થયા બાદ અરડોઇ ગામે તેમના મિત્રની વાડીમાં ઝાડમાં લટકતી તેમની લાશ મળી આવી હતી. તો ઓરડી પર પતરા સાફ કરવા માટે ચડેલા યુવાનનું પડી જતાં મૃત્યુ થયું હતું.



વિગતો અનુસાર શાપર પરફેક્ટ હોટલ પાછળ રહેતાં અડતાલીસ વર્ષના હિતેષભાઇ રતુભાઇ ગજેરા ત્રણ દિવસ પહેલા ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થઈ ગયા હતાં. પરિવારજનો સતત શોધખોળ કરતાં હતા પણ પત્તો મળી રહ્યો નહોતો. અંતે પોલીસને પણ આ અંગેની જાણ કરવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. દરમિયાન હિતેષભાઇના મિત્ર કે જે અરડોઇ ગામે રહે છે તે આજે પોતાની વાડીએ જતાં ત્યાં મિત્ર હિતેષભાઈની ઝાડમાં લટકતી લાશ જોતાં તેઓ અવાચક થઈ ગયા હતાં.

હિતેષભાઇના પરિવારજનો અને પોલીસને જાણ કરતાં પોલીસ પહોંચી હતી અને મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. હિતેષભાઇ એક બહેનથી મોટા હતાં. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. બનાવ આપઘાતનો છે કે અન્ય કંઇ બન્યું? તેની તપાસ કોટડાસાંગાણી પોલીસ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં ધોરાજીના વાવડી ગામે ભરતભાઈની શુભ જીનીંગ પાસે રહેતો મુળ મધ્યપ્રદેશનો રાકેશ શકારામ દાવત બે મહિના પહેલા ઓરડીના પતરા સાફ કરતી વેળાએ પડી જતાં ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત થયું હતું. મૃત્યુ પામનાર રાકેશ ૨૩ વર્ષનો હતો અને તે શુભ જીનીંગમાં મજૂરી કરતો હતો. તે બે ભાઈ અને બે બહેનમાં નાનો હતો. સંતાનમાં બે દિકરી છે. ઓરડીના પતરા સાફ કરવા ઉપર ચડ્યો ત્યારે પડી જતાં આ બનાવ બન્યો હતો. બનાવ વખતે રાકેશના પત્નિ ડિલીવરી કરવા વતન એમપી ગયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધોરાજી પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરી હતી.

# પરપ્રાંતીય વૃધ્ધાના મકાનમાંથી ૪૧ હજારની મત્તા ચોરાઈ

### મહારાષ્ટ્ર રહેતા દીકરાના ઘરે ગયા ને તસ્કરો રેઢું મકાન ભાળી જતા ત્રાટક્યા

રાજકોટ,તા.૨૪

યુનિવર્સીટી રોડ પર, બોમ્બે હાઉસિંગમાં રહેતા પરપ્રાંતિય વૃદ્ધના મકાનમાં ત્રાટકેલા તસ્કરો ૪૧ હજારની મત્તા ચોરી કરી ગયાની ગાંધીગ્રામ-૨ (યુની) પો.સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે.

સૌમ્ય મકાન, બોમ્બે હાઉસિંગ શેરી-૨, યુનિવર્સીટી રોડ પર રહેતા રમનીબેન ઉન્ની ક્રિષ્નન નમ્બીયારએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે , ઘર પરિવારમા હું એકલી રહુ છુ અને હાલ નિવૃત જીવન પસાર કરૂ છું. મારે સંતાનમાં એક દિકરો નામે સૌરભભાઈ ઉન્ની ક્રિષ્નન નમ્બીયાર છે અને તે તેના પરીવાર સાથે પુના મહારાષ્ટ્ર ખાતે રહે છે.

ગઈ તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ હુ રાજકોટથી મારા દિકરા સૌરભભાઈ ઉન્ની ક્રિષ્નન નમ્બીયાર રહે.લોની કાલભુર પુના રાજય મહારાષ્ટ્ર ખાતે રોકાવા ગઈ હતી. અને અમારા ઘરે સફાઈ કરવા અને ગાર્ડનમા કામ કરવા કાળુભાઈ અમારા ઘરે આવતા હોય, મે મારા ઘરની ચાવી મારા પાડોશી નીશાબેનને દઈને ગઈ હતી. બાદમાં આજદીન સુધી હુ મારા દિકરા સૌરભભાઈના ઘરે જ રોકાયેલ હતી અને ગઈ તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના બારેક વાગ્યાના અરસામાં હું મારા દિકરા સૌરભના ઘરે હતી ત્યારે અમારા પાડોશમા રહેતા નીશાબેન જુગેશનો મને ફોન આવ્યો હતો કે તમારા ગાર્ડનમા કામ કરતા કાળુભાઈ મને જાણ કરવા આવ્યા છે કે તમારા ઘરનો મેઈન દરવાજાનો નકુચો તૂટેલો છે.. બાદમા નીશાબેને અમોને વીડીયો કોલ કરીને મારૂ ઘર અંદરથી બતાવ્યું હતુ. ત્યારબાદ તા.૧૭/૦૪ / ૨૦૨૬૨૦૨૬ના સવારે નવેક વાગ્યે હું અને મારો દિકરો સૌરભભાઈ એમ બંને રાજકોટ અમારા ઘરે આવ્યા હતા અને અમારા ઘરનો મેઈન દરવાજાનો નકુચો તુટેલો હતો અને તાળુ એમનેમ હતુ. અને ત્યા કાળુભાઈ અમારા ઘરે આવેલા અને તેઓએ અમોને જણાવ્યું હતુ કે, ગઈ તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ સવારે દશેક વાગ્યે તમારા ઘરની સાફ



સફાઈ કરવા આવેલા ત્યારે ઘરનુ તાળુ તુટેલુ ન હતુ, અને બપોરના અગીયારેક વાગ્યે સુધી મે ઘરમા સાફ સફાઈ કરીને ઘરને તાળુ મારીને ચાવી નીશાબેનને આપીને મારા ઘરે ગયો હતો. બાદમા તા.૧૨/૦૪/૨૦૨૬ ના રોજ સવારે નવેક વાગ્યે હુ ઘરના ગાર્ડનનું કામકાજ કરવા આવ્યો ત્યારે ઘરના દરવાજાનો નકુચો તુટેલો હતો અને મે નીશાબેનને વાત કરીને તેમને ફોનથી જાણ કરવાનુ કહ્યું હતુ.

આમ અમોને કાળુભાઈએ વાત કરેલી હતી.બાદમા અમોએ અમારા ઘરમા ચેક કરતા અમારા રૂમમા રાખેલા કબાટનો દરવાજો ખુલેલો હતો અને કબાટ ચેક કરતા લોકર તૂટેલું હતુ. આ લોકરમા મે મારા ચાંદીની વસ્તુઓ રાખેલી હતી. જે ચાંદીના અલગ અલગ વસ્તુઓ જેમાં ૧૦ ગ્રામ ચાંદીના ૫ સિક્કા, ૮૦ ગ્રામના ચાર ગ્લાસ, એક ચાંદીનો મોટો ગ્લાસ, ૪૦ ગ્રામની ૪ વાટકી, ૧૫૦ ગ્રામના ચાંદીના લક્ષ્મીજી અને ગણેશજીનો ફોટો, કોપરનો ગ્લાસ, લેમ્પ, ટાઈટનની ઘડિયાળ મળી ૪૧ હજારની મત્તા ચોરાઈ ગયાનું માલુમ પડ્યું હતું. જે અંગે ગાંધીગ્રામ યુનિવર્સીટી-૨ માં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરના સગડ મેળવવા કવાયત આદરી છે.

# પ્રેમજાળમાં ફસાવી લાખો પડાવતી ટોળકીના બે ઝડપાયા

રાજકોટ, તા.૨૪

જેતપુર સિટી પોલીસે સોશિયલ મીડિયા દ્વારા પ્રેમજાળમાં ફસાવી ઉદ્યોગપતિઓ અને વેપારીઓ પાસેથી લાખો રૂપિયા પડાવતી એક ટોળકીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ટોળકીના બે સભ્યોને ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય બે આરોપી હજુ ફરાર છે. આ ટોળકી સોશિયલ મીડિયા પર વેપારીઓ, કારખાનેદારો અને ઉદ્યોગપતિઓ સાથે સંપર્ક સાધી તેમને પ્રેમજાળમાં ફસાવતી હતી. ત્યારબાદ તેમને મળવા બોલાવી, આરોપી યુવતીઓના સાથીદારો પોતાને ભાઈ કે પતિ તરીકે ખોટી ઓળખ આપી ધમકાવતા હતા. પીડિતોને પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી મોટી રકમની માંગણી કરવામાં આવતી હતી.

આ ગુનામાં જેતપુર સિટી પોલીસે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના હરીપરા ગામના આશીષ જયસુખભાઈ વેકરીયા અને રાજકોટના મવડી પ્લોટના રોહિત વીરજીભાઈ રાઠોડની ધરપકડ કરી છે. જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખરેડી ગામની પ્રિયંકા ઉર્ફે પીયે હંસરાજભાઈ ગીનોયા અને અમરેલી જિલ્લાના ધારી તાલુકાના કાથરોટા ગામના નીલેશ કનુભાઈ ચૌહાણ હજુ ફરાર છે.

આરોપી આશીષ વેકરીયા વિરુદ્ધ જૂનાગઢના ભેંસાણ પોલીસ સ્ટેશન તેમજ રાજકોટ ગ્રામ્યના જામકંડોરણા અને જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં પણ ગુના નોંધાયેલા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ટોળકીએ આશરે ૧૦ માસ પહેલા મોરબીના સિરામિક ઉદ્યોગપતિને ગોંડલ બોલાવી રૂપિયાની માંગણી કરી હતી. આ ઉપરાંત, એક વર્ષ



અન્ય બે ફરાર, જેતપુર સીટી પોલીસે બંનેને દબોચ્યા

પહેલા મોરબીના ઉદ્યોગપતિને ખોડલધામ કાગવડ, એક વર્ષ પહેલા રાજકોટના કારખાનાવાળાને જેતપુર, ૧૫ માસ પહેલા મોરબીના બે વ્યક્તિઓને જેતપુર અને ૮ માસ પહેલા વાંકાનેરના પલાણદાના વેપારીને ખોડલધામ કાગવડ બોલાવી આવી જ રીતે રૂપિયા પડાવ્યા હતા.

રોહિત રાઠોડ ઉપર પણ જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ ચૂક્યો છે.

પોલીસે આરોપીઓ પાસેથી ૧૨ હજાર રૂપિયાની કિંમતના બે મોબાઈલ ફોન કબજે કર્યા છે. જેતપુર સિટી પોલીસે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી આ સમગ્ર ટોળકીનો ભેદ ઉકેલ્યો છે. ફરાર આરોપીઓને પકડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ સફળ કામગીરીમાં પીઆઈ એ.ડી. પરમાર, એએસઆઈ રવજીભાઈ હાલીપરા, મહેશભાઈ સુવા, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ ડાંગર, મીરલભાઈ ચંદ્રવાડીયા અને રાઠોડ સહિતના પોલીસકર્મીઓ જોડાયા હતા.

# બાપુનગર વિસ્તારમાંથી રીઢો સાયકલ ચોર પકડાયો

રાજકોટ, તા. ૨૪

ભકિતનગર પોલીસ સાયકલ ચોરીના વધેલા બનાવોને ધ્યાને લઈને તસ્કરને શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે બાપુનગર સ્મશાન પાસેથી એક રીઢા તસ્કરને દ્બોચીને તેમની પાસેથી ૧૦ ચોરાઉ સાયકલ કબજે કરીને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

મળતી વિગતો મુજબ ઉપરી અધિકારીઓની સુચનાથી ભક્તિનગર પોલીસનો સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે બાપુનગર સ્મશાન પાસે એક શંકાસ્પદ શખ્સ સાયકલ વેચવા ગ્રાહકો શોધી રહ્યો છે.

બાતમીના આધારે પીઆઈ જયદિપસિંહ ડી. પરમાર તેમજ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ જે.જે.ગોહિલ સહિતનો સ્ટાફે ટીમ બનાવીને બાપુનગર સ્મશાન પાસે ત્રાટકતા ત્યાં એક શખ્સ સાયકલ સાથે ઉભેલો જોવા મળતા તેમની આકરી પૂછપરછ કરવામાં આવી હતી. દરમિયાન અજાણ્યા શખ્સે પોતાનું નામ ઘનશ્યામ ભોજુમલ કાંજીયાની હોવાનું જણાવી, જંકશન પ્લોટ, કૈલાશ એપાર્ટમેન્ટમાં રહેતો હોવાનું તેમજ તેમની પાસેની સાયકલ ચોરાઉ હોવાની કબુલાત આપી હતી. પોલીસે લાલ આંખ કરતા ઘનશ્યામ પોપટ બની ગયો હતો અને જુદી જુદી જગ્યાએથી સાયકલ ચોરી હોવાની કબુલાત આપી હતી.

દરમિયાન ચોરેલી સાયકલો સંતાડ્યા અંગેની કબુલાત બાદ પોલીસે ૨૯,૭૦૦ની ૧૦ સાયકલ કબજે કરીને, તસ્કર ઘનશ્યામને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ઘનશ્યામ અગાઉ પણ ત્રણ વખત ભક્તિનગર પોલીસના ચોપડે ચડી ચૂક્યો છે. તેમણે અત્યાર સુધીમાં કેટલી સાયકલો ચોરી છે ? તેની વિગતો કઢાવવા તેમને રિમાન્ડ પર લેવા પોલીસે તજવીજ હાથ ધરી છે.



ભક્તિનગર પોલીસે ૧૦ ચોરાઉ સાયકલ કરી કબજે

### ભક્તિનગર પોલીસે આશાપુરાનગર પાસેથી દબોચ્યો

# સજાના વોરંટનો નાસતો-ફરતો આરોપીની ધરપકડ

રાજકોટ, તા.૨૪

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ડો.હરપાલસિંહ જાડેજા તથા નાયબ પોલીસ કમિશ્નર હેતલ પટેલ (ઝોન-૧) તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી.વી.જાધવ (પૂર્વ વિભાગ) ના માર્ગદર્શન હેઠળ સઘન પેટ્રોલીંગ કરી હકીકત મેળવી વધુમા વધુ નાસતા ફરતા આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી.

તે અન્વયે ભક્તિનગર પોલીસના જે. ડી.પરમારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.જે. ગોહીલ સહિત ટીમના હેડ કોન્સ્ટેબલ કેતનભાઇ બોરીચા, પો.કોન્સ રવિભાઇ શામજીભાઇ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે ચેક રીટર્ન કેસમાં સજા પડી હોવા છતાં નાસતો ફરતો બ્લોક ન- ૪૯૯ આશાપુરા શેરી ન- ૧૬ કોઠારીયા રોડ પર રહેતો શક્તિસિંહ નટુભા



જાડેજા આશાપુરા નગરમાં આંટાફેરા મારે છે.

બાતમીના આધારે ભક્તિનગર પોલીસે આશાપુરા નગરમાં પહોચીને શક્તિસિંહને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલધારી ફાટક પાસે સાઇકલસવાર યુવાનનો ફોન બે શખ્સ ઝૂંટવીને ભાગ્યાઃ એક કલાકોમાં પકડાયોઃ ફોનમાં કવર અંદર રોકડ પણ પણ હતી

# ક્યા લૂંટેરા બનેગા રે!: ફોન ઝૂંટવતાં ભેગો ઝડપાઈ ગયો

## પૈસાની ખેંચ હોવાથી લોઠડાના શખ્સે રીબડા રહેતાં મિત્ર સાથે મળી ચીલઝડપ કરીઃ પણ આજીડેમ પોલીસે ગણતરીના સમયમા ભેદ ઉકેલ્યો



રાજકોટ,તા.૨૪

શહેરમાં ચિલઝડપનો વધુ એક બનાવ બન્યો હતો. માલધારી ફાટક પાસે આ બનાવ બન્યો છે. સાયકલ હંકારી કામ પર જઈ રહેલા મુળ વઢવાણના ૧૮ વર્ષીય શ્રમિક યુવાનના હાથમાંથી મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સો મોબાઈલ ફોન ઝૂંટવી ભાગી ગયા હતાં. આ મોબાઇલ ફોનના કવરમાં ૫ હજારની રોકડ પણ હતી. આમ ચિલઝડપકારને આમ કે આમ ગુટલીઓ કે ભી દામ જેવુ થયું હતું. પરંતુ આ બંને મોબાઇલ વેંચી રોકડી કરે અને તેમાં કવરમાંથી મળેલી રોકડ ભાગ પાડીને વાપરે એ પહેલા એકને આજીડેમ પોલીસે ઝડપી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો ચીલઝડપના આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રોલેક્ષ રોડ ગુલાબનગર-૨૧ નવદુર્ગા ગરબી ચોકમાં રહેતાં મુળ સુરેન્દ્રનગરના વઢવાણના વતી શોબાન ભીખુભાઇ પરમાર નામના અઢાર વર્ષના યુવાનની ફરિયાદ પરથી બે અજાણયા બાઇકસવાર ચિલઝડપકાર વિરૂધ્ધ ગુનો નોંધી કલાકોમાં ભેદ ઉકેલી લોઠડાના એક શખ્સને પકડી લીધો છે, જ્યારે રીબડા રહેતાં તેના મિત્રની શોધખોળ થઇ રહી છે. પૈસાની જરૂર હોઇ ચિલઝડપ કર્યાનું રટણ આ શખ્સે કર્યુ હતું. વધુ વિગત મુજબ શોબાન પરમાર હાલ રાજકોટ પરિવાર સાથે રહે છે અને માલધારી ફાટક પાસે આવેલી સ્કાયલાઇન એન્ટરપ્રાઇઝ નામની એજન્સીમાં કામ કરે છે. ગુરૂવારે ત્રેવીસમીએ બપોરે આશરે બે વાગ્યાની આસપાસ શોબાન ઘરેથી જમીને સાયકલ લઈને પોતાના કામ પર જઈ રહ્યો હતો.

ત્યારે માલધારી ફાટકથી આગળના રોડ પર પહોંચતા તેના મોબાઈલ પર ફોન આવતા તેણે ખિસ્સામાંથી ફોન કાઢી વાત ચાલુ કરી હતી. શોબાન વાત કરતો જઈ રહ્યો હતો ત્યારે પાછળથી સ્પ્લેન્ડર જેવા મોટરસાયકલ પર બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. મોટરસાયકલની પાછળ બેઠેલા શખ્સે શોબાનના હાથમાંથી રૂ. ૧૪,૦૦૦ની કિંમતનો ઓપ્પો એ-થ્રીએક્સ મોડેલના ફોનની ચિલઝડપ કરી લીધી હતી. આ મોબાઈલ ફોનના કવરમાં રૂ. ૫,૦૦૦ રોકડા પણ રાખેલા હતા. મોબાઈલ ઝૂંટવીને બંને શખ્સો પૂરઝડપે બાઇક હંકારી નાસી છૂટયા હતા. શોબાને બનાવને પગલે બૂમાબૂમ કરતા આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા, પણ ચિલઝડપકાર હાથમાં આવ્યા નહોતા. શોબાને આ અંગે ઘરે જાણ કર્યા બાદ પોતાની બહેન સાથે આજીડેમ પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, મોટરસાયકલ ચલાવનારની ઉંમર આશરે ૨૦ વર્ષ અને પાછળ બેસનારની ઉંમર આશરે ૧૯ વર્ષની હતી. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં તેજપાલસિંહ સરવૈયાએ ગુનો દાખલ કરતાં ડી. સ્ટાફની ટીમે તપાસ શરૂ કરી હતી. દરમિયાન હેડકોન્સ. તેજપાલસિંહ, સાથેના કોન્સ. ગોપાલભાઇ બોળીયા, હરપાલસિંહ જાડેજા, શક્તિભાઇ મેહરીયાની બાતમી પરથી લોઠડા ગામે સર્વિસ સ્ટેશન પાસે ભાડાના મકાનમાં રહેતાં અને છુટક મજૂરી કરતાં મુળ ચોટીલાના સુરી ગામના રોહિત મનસુખભાઇ પરમારને પકડી લીધો હતો. વીસ વર્ષના આ શખ્સને કોઠારીયા રોડ જયનગરમાંથી પકી લઇ મોબાઇલ ફોન અને ૫ હજારની રોકડ કબ્જે કરી તેની આ ગુનામાં ધરપકડ કરી છે. રોહિતે પોતાની સાથે રીબડાનો સુનિલ વઢીયારા પણ સામેલ હોવાનું કહેતાં શોધખોળ થઇ રહી છે. ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ એસ. વી. ગોહિલ, એએસઆઇ રવિભાઇ વાંક, હેડકોન્સ. સંજયભાઇ મિયાત્રા, તેજપાલસિંહ સરવૈયા, પિયુષભાઇ ચીરોડીયા, હરપાલસિંહ જાડેજા, દેવાંગભાઇ પાલા, ભરતભાઇ જોગીયા, હિતેષભાઇ અગ્રાવત, આકાશભાઇ સોલંકી, કોન્સ. પ્રદિપસિંહ ગોહિલ, વિરેન્દ્રસ્હિં જાડેજા, ગોપાલભાઇ બોળીયા, મહેશભાઇ કોઠીવાળ, કુલદીપસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા, શક્તિભાઇ, વિશ્વરાજસિંહે આ કામગીરી કરી હતી. આ શખ્સે મિત્ર સાથે મળી વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ તેની તપાસ થઇ રહી છે.

## માલિયાસણમાં પટમાં પત્તા ટીચી રહેલા ચાર ઝડપાયા

### કુવાડવા રોડ પોલીસે પકડી લઇ રોકડ કબ્જે કરી

રાજકોટ,તા.૨૪

છેલ્લા કેટલાક દિવસથી દરરોજ કોઇને કોઇ સ્થળેથી જૂગાર રસીકો ઝડપાઇ રહ્યા છે. ચુંટણીને કારણે પોલીસે આવા દરોડા વધારી દીધા છે.

કુવાડવા નજીક માલિયાસણ ચોકડી બાયપાસ પર ડમ્પીંગ હાઉસ નજીક કનૈયા પાનથી આગળ ખુલ્લા પટમાં તિનપત્તીનો જૂગાર રમતાં રાજકોટના ૪ શખ્સોને કુવાડવા રોડ પોલીસે પકડી લઇ રૂા. ૧૩૩૫૦ની રોકડ કબ્જે કરી હતી.દારૂ જૂગારની પ્રવૃતિ ડામવા ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. જયદિપભાઇ ધોળકીયા, ભાવેશભાઇ મકવાણા, કુશલભાઇ જોષીને મળેલી બાતમી મળી હતી.

આ બાતમી પરથી દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે રોહિત સવજીભાઇ કુંડારીયા (ઉ.વ. ૩૭, રહે. હરીધવા રોડ ન્યુ સુભાષનગર-૧), ચેતન કાળુભાઈ કાતડ (ઉ.વ. ૩૨, રહે. ભગવતીપરા ત્રિમુતી ચોંક), રવિ નાગજીભાઈ મકવાણા (ઉ.વ. ૩૧, રહે. રણછોડદાસ બાપુના આશ્રમ પાસે, ચામુંડા સોસાયટી કુવાડવા રોડ) તથા સલીમ હેમતભાઇ માણેક (ઉ.વ. ૪૮, રહે. શુકલ પીપળીયા, રાજકોટ)ને પકડી લઇ રોકડ-ગંજીપાના કબ્જે કર્યા હતાં. પીઆઇ વી. આર. વસાવાની રાહબરીમાં એએસઆ કે. વી. જાડેજા સહિતે આ કામગીરી કરી હતી. છેલ્લા અઠવાડીયાથી જૂગાર, દારૂ સહિતની પ્રવૃતિ ડામવાની કામગીરી પોલીસે બમણી કરી દીધી છે.

પહલો સગો પાડોશી આ કહેવતને શેઢા પાડોશીએ ખોટી પાડી દીધી

# વકિલને વાડીએ થઇ માથાકુટઃ પાડોશીએ માર મારી ધમકી દીધી

રાજકોટ,તા.૨૪

નાની મોટી વાતે માથાકુટ ધાકધમકી, ગાળાગાળી, મારામારીની ઘટનાઓ રોજબરોજ બને છે. અમુક ડખ્ખા બાદમાં ઘરમેળે કે પછી બીજા લોકોની મધ્યસ્થીથી સુલટાવી લેવામાં આવતાં હોય છે જેથી પોલીસ સુધી વાત પહોંચતી હોતી નથી. તો અમુક માથાકુટમાં પોલીસને એફઆઇઆર દાખલ કરવી પડી છે. શહેરના એક વકિલ સાથે તેના મુળ વતન રાજકોટના સરધાર પાસેના હોડથલી ગામે માથાકુટ થઇ હતી. જેમાં તેના ખેતરના શેઢા પાડોશીએ તેમને માર મારી માથે જતાં ખૂનની ધમકી દીધી હતી. આ શેઢા પાડોશી ટ્રેકટર, જેસીબીની મદદથી વકિલની વાડીમાંથી માટી કાઢતો હતો. તેને આવુ કરતો અટકાવતાં તે લાજવાને બદલે ગાજ્યો હતો અને બબાલ મચાવી દીધી હતી. અંતે વકિલને પોલીસ ફરિયાદ કરવી પડી હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં શહેરના નાના મવા રોડ પર રહેતા એડવોકેટની રાજકોટના સરધાર નજીક હોડથલી ગામની સીમમાં તેમના પત્નિના નામે માલિકીની જમીન આવેલી હોઇ તેમાંથી માટી કાઢવા બાબતે પાડોશી ખેડૂતે હુમલો કરી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. આ બનાવમાં આજીડેમ પોલીસે નાના મવા મેઇન રોડ સત્ય સાઇ હોસ્પિટલ રોડ ફુલવાડી પાર્ક ત્રિનેત્ર-૬૧ ખાતે રહેતાં અને વકિલાત કરતાં સુડતાલીસ વર્ષના વિજયભાઇ રવજીભાઇ તોગડીયાની ફરિયાદ પરથી રાજકોટના સરધાર નજીકના ઉમરાળી ગામે રહેતાં ઘનશ્યામ કરસનભાઇહુંબલ



સત્ય સાઇ રોડ પર રહેતાં એડવોકેટ પર હોડથલી ગામે શેઢા પાડોશીનો હુમલોઃ વકિલે પોતાની વાડીમાંથી માટી ભરવાની ના પાડતાં થઇ ગયો ડખ્ખો

વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. વકિલ વિજયભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે રાજકોટના હોડથલી ગામમાં તેમની પત્નિ વર્ષાબેનના નામે ખેતીની જમીન આવેલી છે. બાવીસમી તારીખના રોજ ગામમાં માતાજીની તિથિ હોવાથી તેઓ પરિવાર સાથે વતન હોડથલી ગયા હતા.

એ દરમિયાન ગ્રામજનો પાસેથી માહિતી મળી હતી કે તેમની જમીનમાં કોઈ જેસીબી અને ટ્રેક્ટર વડે માટી કાઢી રહ્યું છે. આથી વિજયભાઇ અન્ય એક ખેડૂત વિનોદભાઇ તોગડીયાને સાથે રાખીને પોતાની વાડીએ તપાસ કરવા પહોંચ્યા હતા. વાડીએ પહોંચતા જાણવા મળ્યું હતું કે બાજુની જમીનના માલિક સરધાર પાસનો ઉમરાળી ગામનો ઘનશ્યામભાઈ કરશનભાઈ હુંબલ જેસીબી અને ટ્રેક્ટરની મદદથી વિજયભાઇની જમીનના પાણીના ધોરીયામાંથી માટી કાઢીને પોતાની જમીનમાં નાખતા હતા. વિજયભાઇએ આ બાબતે વિરોધ કરી તમે અમારી જમીનમાંથી માટી કેમ કાઢો છો? તેમ પુછતા ઘનશ્યામભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. બાદમાં તેણે વકિલ વિજયભાઇ સાથે બેફામ ગાળાગાળી કરી હતી અને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. આટલુ ઓછુ હોય તેમ માથે જતાં ધમકી આપી હતી કે-જો હવે આ જમીનમાં પગ મૂકીશ તો તને જાનથી મારી નાખીશ.

શેઢા પાડોશીની આ બબાલને પગલે આસપાસની વાડીના બીજા લોકો પણ ભેગા થઇ જતાં ઘનશ્યામભાઇ ભાગી ગયો હતો. આ બનાવના પગલે વિજયભાઇએ તાત્કાલિક ૧૧૨ નંબર પર ફોન કરતા પોલીસની ગાડી ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસને આવતી જોઈ આરોપી ઘનશ્યામભાઇ જેસીબી અને ટ્રેક્ટરો લઈને ત્યાંથી નાસી ગયો હતો. આજીડેમ પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડ કોન્સ્ટેબલ તેજપાલસિંહ જે. સરવૈયાએ એફઆઇઆર દાખલ કરી હતી. એવી કહેવત છે કે પહેલો સગો પાડોશી. પણ ઘણીવાર પાડોશી જ ડખ્ખા કરીને દુશ્મન બની જતો હોય છે. આ ઘટનામાં પણ આવુ જ થયું હતું.

# સુરતમાં ૩ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરનાર નરાધમ પકડાયો

### દ્રોપદી શસ્ત્ર ઉઠાઓ, અબ ના ગોવિંદ આયેંગે કલ તક કેવલ અંધા રાજા, આજ ગૂંગા-બહરા ભી હૈ !

રાજકોટ, તા.૨૪

માનવતાને લજવતી એક ઘટના સામે આવી છે. સારોલીમાં ૩ વર્ષની બાળકી પર નરાધમે દુષ્કર્મ આચર્યું છે. સારોલી પોલીસે લઘુમતી સમાજના યુવક સામે ગુનો નોંધી તાત્કાલિક કાર્યવાહી કરી છે. હવસખોર આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીનની ધરપકડ કરી છે. એ ૩ વર્ષની બાળકી પર શું વીતી હશે! વિચારીને પણ આંખમાં આસું આવી જાય, એ પરિવાર અત્યારે કેવા દર્દમાં હશે જેની દીકરી રમવાની ઉંમરે આ વિકૃત હવસખોરનો સામનો કરવો પડ્યો છે. મહત્ત્વનું છે કે હજી થોડા સમય પહેલા જ સારોલી વિસ્તારમાં એક પરપ્રાંતિય યુવક દ્વારા માસુમ બાળકી પર દુષ્કર્મ ગુજારવાની ઘટના બની હતી. આ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં બીજી બાળકીને અન્ય એક નરાધમે હવસનો શિકાર બનાવતા સાંભળનારા સૌ કોઈમાં હાઈકારો નીકળી ગયો છે.

સારોલી વિસ્તારમાં નેચરવેલી હોમ્સની પાછળ આવેલી વસાહતમાં રહેતો એક શ્રમિક પરિવાર ગત તા. ૨૩ ના રોજ બપોરના સમયે કામકાજમાં વ્યસ્ત હતો. આ સમયે તેમની ત્રણ વર્ષની માસૂમ દીકરી ઘરે એકલી હતી. દીકરીની માતા તેના પતિને ખાવા માટે બોલાવવા માટે ગઈ હતી, ત્યારે બાળકી બાથરૂમમાં ગઈ હતી. આ તકનો લાભ ઉઠાવી બાજુમાં જ રહેતા મોજબ્બીર મોહમ્મદ હસામુદીન (મૂળ રહે. બિહાર) નામના શખ્સે અગાસી પર ચઢી બાળકીની એકલતાનો લાભ લીધો હતો. તેણે બાળકી સાથે ગંભીર શારીરિક અડપલાં કર્યા હતા. બાળકીની માતા અચાનક પરત આવી જતાં આ નરાધમ રંગેહાથ ઝડપાઈ ગયો હતો. માતાએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને આરોપીને પકડી પાડી લામ્ધારીને પોલીસને હવાલે કર્યો હતો. સારોલી પોલીસે ભોગ બનનાર બાળકીના પરિવારની ફરિયાદના આધારે આરોપી મોજબ્બીર મોહમ્મદ હસામુદીન વિરુદ્ધ દુષ્કર્મ હેઠળ ગુનો દાખલ કર્યો છે.

રોજબરોજ રાજ્યભરમાં કોઇને કોઇ ગામ કે શહેરમાં ઢળી જાય છે લોથ

# ગૂમ વૃધ્ધની હત્યા કરી કોથળામાં પેક કરાયેલી લાશ મળી!

## ભેદભરમ ઉકેલવા પોલીસની ટીમો કામે લાગીઃ હત્યાની બીજી ઘટનામાં પડોશી માતા-બહેન સામે ચાળા કરતાં પ્રૌઢને દસ્તા મારી પતાવી દેવાયાઃ હત્યારાનો પોલીસે સીસીટીવી, સ્નીફર ડોગની મદદથી પકડી લીધો

રાજકોટ,તા.૨૪

મારામારી, હત્યાનો પ્રયાસ અને હત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. કોઇને કોઇ ગામ કે શહેરમાં આ પ્રકારના બનાવો બનવા એ લગભગ રોજીંદુ છે. વધુ બે હત્યાની ઘટના સામે આવી છે જેમાં પાંચ દિવસથી ગૂમ વૃધ્ધની હત્યા કરી કોથળામાં પેક કરી ફેંકી દેવાયેલી લાશ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. રહસ્યના આટાપાટા સર્જતી આ ઘટનાનો ભેદ ઉકેલવા પોલીસ કામે લાગી છે. બીજી તરફ એક શખ્સ પાડોશમાં રહેતી મહિલા અને તેની દિકરી સામે ચેનચાળા કરતો હોઇ તેને આ મહિલાના પુત્રએ દસ્તાના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેતાં સનસનાટી મચી ગઇ છે.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરાના કરજણ તાલુકાના કુરાલી ગામેથી પાંચ દિવસ પહેલાં ગુમ થયેલ વૃધ્ધની લાશ કુરાલીથી કોઠાવ જતી કેનાલના રોડ પાસે ઝાડીઓમાં ફેંકેલ કોથળામાંથી વિકૃત હાલતમાં મળતાં ચકચાર મચી ગઇ છે. પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. કુરાલી ગામે દરબાર ફળિયામાં રહેતાં ૬૫ વર્ષના કનકસિંહ માનસિંહ ચૌહાણ બાઇક લઈને બહાર નિકળ્યા બાદ ઘરે પરત નહી આવતાં તેમના પુત્રએ કરજણ પોલીસ સ્ટેશને પોતાના પિતા ગુમ થયા હોવાની ફરિયાદ નોંધાવી હતી. પરિવારજનો અને પોલીસ દ્વારા શોધખોળ ચાલી રહી હતી.

ત્યારે આજે કુરાલી ગામ પાસે કુરાલીથી કોઠાવ જતી નર્મદા કેનાલના રોડની નીચેના અવાવરુ ઝાડી-ઝાંખરામાંથી એક નાના કોથળામાંથી વિકૃત હાલતમાં કનકસિંહનો મૃતદેહ મળ્યો હતો. આ ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ સ્થળ પર દોડી આવી હતી. પોલીસે લાશનો કબજો લઈ તેને પીએમ માટે કરજણ સામુહિક આરોગ્ય હોસ્પિટલમાં ખસેડયો હતો. જયારે મરનાર પાંસઠ વર્ષીય કનકસિંહ ચૌહાણની બાઈક કરજણના ધાવટ ગામ નજીક મળી હોવાનું જાણવા મળે છે. પોલીસે કોઈ




અજાણ્યા ઈસમોએ અગમ્ય કારણોસર કનકસિંહની હત્યા કરી પુરાવાનો નાશ કરવાના ઈરાદે લાશને સંતાડવા માટે કોથળામાં મૂકી અને લાશને કેનાલના રોડની નીચેના ભાગે અવાવરૂ જગ્યાએ ફેંકી દીધી હોવા અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ વૃધ્ધની હત્યા કોણે અને શા માટે કરી? તેનો ભેદ ઉકેલવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી છે.

હત્યાની બીજી ઘટના પર નજર કરીએ તો અમદાવાદના મેમનગરના સામ્રાજ્ય લેટના બ્લોકના પાર્કિંગમાંથી આજે સવારે મૂળ ગોધાવીના એવા ૫૫ વર્ષીય કાનજીભાઈ નામના વૃદ્ધનો મૃતદેહ મળ્યો હતો. તેઓ છૂટક મજૂરી કામ કરીને કોમન પાર્કિંગમાં જ રહેતા હતા. તેની હત્યા કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. તેઓ પચ્ચીસ વર્ષથી સામ્રાજ્ય ટાવરમાં કામ કરતા હતા. સિક્યુરિટી ગાર્ડે પોલીસને નિવેદન આપ્યું હતું કે, રાતના સમયે કોઈ પણ અજાણ્યો શખ્સ સોસાયટીમાં આવ્યો નહોતો. જેથી પોલીસ દ્વારા લેટમાં રહેતા જ કોઈ વ્યક્તિએ હત્યા કરી હોવાની દિશામાં તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં સોસાયટીના બ્લોકમાં જ રહેતા પચ્ચીસ વર્ષીય ઋત્વિજ જયમલાણી નામનો યુવક જ આરોપી હોવાનું ખૂલ્યું હતું.

પોલીસે હત્યારા આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ કબુલ્યું હતું કે હત્યાનો ભોગ બનનાર અવાર નવાર એચ- બ્લોકના બાથરૂમમાં નહાતો અને બાથરૂમ કરતો હતો. જે આરોપીના ઘરેથી દેખાતું હતું.જેથી આરોપીએ અવારનવાર ઝગડો કરીને મૃતકને સમજાવ્યો હતો. જો કે આમ છતાં મૃતક હરકત બંધ કરતો નહોતો. આરોપીએ એન્જિનિયરિંગ સુધીનો અભ્યાસ કર્યો છે. જ્યારે તેના પિતા એજ્યુકેશન કન્સલ્ટન્સીનો વ્યવસાય કરે છે, અને ઋત્વિજ પણ તેની સાથે જ કામ કરે છે.

આ હત્યાનો બનાવો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે.પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ મેળવીને આરોપીની તપાસ કરવામાં આવી રહી છે. એસીપી એચ.એમ કણસાગરાએ જણાવ્યું હતું કે આરોપીના માતા અને બહેનને જોઈને મૃતક ચેનચાળા કરતો હોવાનો આક્ષેપ છે. જેથી આરોપીએ દસ્તા વડે મોડી રાતે મૃતકને માથામાં ત્રણ ઘા મારી હત્યા કરી હોવાની કબૂલાત છે. આરોપી સીસીટીવી કેમેરામાં આવતો જતો દેખાયો હતો. આ ઉપરાંત આ કેસ ઉકેલવા માટે સ્નીફર ડોગની મદદ લેવામાં આવી હતી. ડોગ ઘટના સ્થળેથી પોલીસને આરોપીને ઘર સુધી લઈ ગયો હતો. ઘરમાં તમામ સભ્યો હતા છતાં ડોગ આરોપી પાસે જઈને ભસવા લાગ્યો હતો. આ બનાવ અંગે સોસાયટીના રહીશોએ વહેલી સવારે પોલીસને જાણ કરી હતી. આમ બે અલગ અલગ હત્યાની ઘટનામાં એકનો ભેદ ખુલી ગયો હતો, બીજાનો ભેદ ઉકેલવા પોલીસે મહેનત ચાલુ રાખી હતી.

લેભાગુ ગઠીયાએ તકનો લાભ લીધોઃ રીલ્સમાંથી નંબર મેળવી શિકાર શોધતો

# સસ્તામાં ગેસ સિલિન્ડરની લાલચ આપી છેતરપીંડી

## ભાવનગરના ગઠીયાએ હોટેલ માલિક સહિત ત્રણને છેતર્યાઃ અન્ય ઘટનામાં બહુરૂપીએ બેભાન કરી રૂપિયા પડાવ્યાનો વિડીયો થયો વાયરલ

રાજકોટ,તા.૨૪

ઠગાઇના કિસ્સા તો રોજબરોજ બને છે પરંતુ ગઠીયાઓ પણ સમય મુજબ કામ કરી રહ્યા છે. હાલમાં ગેસ સિલિન્ડરની અછત વચ્ચે ગઠીયાઓએ આ સમસ્યાને કમાણીનું સાધન બનાવી લીધુ છે. સોશિયલ મિડીયામાં સસ્તામાં ઓનલાઇન ગેસ સિલિન્ડર આપવાની લાલચ આપી ઠગાઇ કરી છે. એક હોટેલ માલિકે પોતાના ધંધાની રીલ્સ સોશિયલ મિડીયા ઉપર મુકી હતી. તેમાંથી ભાવનગરી ગઠીયાએ ફોન નંબર મેળવી આ હોટેલ સંચાલકને ફોન કરી ઓનલાઇન સસ્તામાં ગેસ સિલિન્ડર આપશે તેવી લાલચ આપી ઠગાઇ કરી લીધી હતી. તેણે અનેકને છેતર્યાની શંકાએ તપાસ શરૂ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો સોશિયલ મિડીયા પર હોટેલ સંચાલક દ્વારા મુકાયેલી એક રીલમાંથી એક ગઠીયાએ એક હોટલ માલિકના નંબર મેળવી ફોન કરી સસ્તામાં ગેસ સિલિન્ડર ઓનલાઇન બુક કરવાનું કહી સરથાણાના ભજીયાના વેપારી સહિત ત્રણ પાસે રોકડા પડાવી ઠગાઈ કરી લીધી છે. પોલીસ સુધી આ વાત પહોંચતા ગુનો દાખલ કરાયો હતો. આ ભેજાબાજને સરથાણા પોલીસે ઝડપી લીધો છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધને પગલે સર્જાયેલી સ્થિતીમાં કોમર્શીયલ ગેસની અછત વચ્ચે હોટલ માલિકો અને નાસ્તાની લારી ધરાવતા લોકોને એક વ્યક્તિએ ફોન કરી સસ્તામાં ગેસ સિલિન્ડર અપાવવાની વાત કરતા હોટલ માલિકો અને નાસ્તાની લારી ધરાવતા લોકોએ તેની વાત ઉપર વિશ્વાસ મૂકી તેણે વ્હોટ્સએપ ઉપર મોકલેલા ક્યુઆર કોડ ઉપર પેમેન્ટ કર્યું હતું.




પરંતુ પેમેન્ટ કર્યા બાદ તે વ્યક્તિએ ગેસ સિલિન્ડર મોકલ્યા નહોતા.આ રીતે તે વ્યક્તિએ ભજીયાના વેપારી વિજયભાઇ જયંતીભાઇ સોરઠીયા કે જેઓ રાજકોટના માણેકવાડા ગામે રહે છે તેના સહિત ત્રણ પાસેથી કુલ તેત્રીસ હજાર ચારસો રૂપિયા પડાવ્યા હતા. વિજયભાઈએ આ અંગે ગત રોજ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન, સરથાણા પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના પીએસઆઇ એસ.ડી.ચૌધરી અને સ્ટાફે હોટલ માલિકો સાથે ગેસ સિલિન્ડરના નામે ઠગાઈ કરતા ભેજાબાજ કેવલ માવજીભાઇ તેજાણીને ઝડપી લીધો હતો.હાલ રાધાક્રિષ્ના સોસાયટી, ખોડીયારનગર રોડ, વરાછા સુરતમાં રહેતો આ શખ્સ મુળ ભાવનગરના ગારીયાધાર તાબેના રાણીવાડ ગામનો વતની છે. તેની પોલીસે પુછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે તે સોશિયલ મિડીયામાં આવતી હોટેલ, રેસ્ટોરન્ટ, ખાણી પીણીની દુકાનોની રીલ્સ જોઈ તેમાં દેખાતા દુકાનોના બોર્ડ-બેનરમાંથી માલિકનો નંબર મેળવી તેમને સસ્તા ભાવે ગેસ સિલિન્ડર આપવાનું કહી સ્કેનર મોકલી પૈસા ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરતો હતો. કેવલ અગાઉ હીરાદલાલ તરીકે કામ કરતો હતો ત્યારે હીરા ખરીદવાના બહાને અને મોપેડ ખરીદવાના બહાને પણ તે ઠગાઇ કરી ચુક્યો હતો.

બીજી તરફ બીજી તરફ એક ચોંકાવનારી ઘટનામાં વડોદરાના દક્ષિણ છેવાડે આવેલા ભાયલી વિસ્તારના નાયરા પેટ્રોલ પંપ પાસે આવેલા ચાના ગલ્લે અચાનક ધસી આવેલા ચરસી યુવકે પથ્થરમારો કરીને ચાના ગલ્લે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. બહુ રૂપિયા જેવા ચરસી યુવકે મોડી સાંજે મેલી વિદ્યાના સહારે યુવકને બેહોશ કરી તેના ખિસ્સામાંથી તેરસો રૂપિયા પડાવી લીધા હોવાના આક્ષેપ લોકોએ કર્યા હતા. રોડ પરથી પસાર થતા વાહનો આગળ આ બહુ રૂપિયો સુઈ જવાનું નાટક પણ કરતો રહ્યો હોવાનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

વધુ મીહતી મુજબ શહેરના છેવાડે આવેલા ભાયલી વિસ્તારના નાયરા પેટ્રોલ પંપ પાસે રાજપથ કોમ્પ્લેક્સ આવેલું છે જ્યાં ચા પાણી માટે કેટલાક લોકો ગલ્લે ઉભા હતા ત્યારે અચાનક લથડીયા ખાતો એક ચરસી પહોંચ્યો હતો. જ્યાં હાથ પકડતા જ એક યુવક અર્ધ બેહોશ થઈ ગયો હતો પરિણામે બહુરૂપી ચરસીએ તેના ખિસ્સામાંથી રૂપિયા તેરસો તફડાવીને વધુ નાણાની માંગ કરી હતી. આ ઉપરાંત પથ્થરમારો કરતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જાહેર રોડ પરથી પસાર થતા વાહનો આગળ બહુ રૂપિયા ચરસી યુવકે સુઈ જઈને તાઈફો કર્યો હોવાનું પણ જાણવા મળે છે. આ બનાવે ભારે ચર્ચા જગાવી છે. જો કે પોલીસ સુધી આ ઘટના પહોંચી નથી.

વૃધ્ધા સહિતના પરિચીતોને વિશ્વાસમાં લઇ ઠગાઇ આચરી લીધી

# આઈપીઓ-એલઆઈસીમાં રોકાણના નામે કરોડોનું ફ્રોડ

## રોકાણ પર દર મહિને ત્રીસથી પાંત્રીસ હજારના નફાની લાલચ દીધીઃ વિશ્વાસ જીતવા નકલી દસ્તાવેજોનો ઉપયોગ કર્યોઃ બીજી તરફ એક કરોડની ઠગાઈમાં બિલ્ડરને પોલીસે દબોચી લીધો

રાજકોટ,તા.૨૪

રોકાણ પર મોટા વળતરની લાલચ આપી ઠગાઇ કરવાની ઘટનાઓ રોજબરોજ સામે આવતી જ રહે છે. દરરોજ અનેક લોકો આવી લાલચની જાળમાં ફસાઇને નાણા ગુમાવી રહ્યા છે. દરમિયાન એક વૃધ્ધા સાથે એલઆઇસી અને આઇપીઓમાં રોકાણ પર ઉંચા વળતરની લાલચ આપી છવ્વીસ કરોડની ઠગાઇ કરવામાં આવતાં ચકચાર મચી ગઇ છે. બનાવટી નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરી ગઠીયાઓએ નાણા ઉસેડી લીધા છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં એમ.પી. ફિન કોર્પ સર્વિસીસના માલિક મિહિર પટેલ અને તેના સાગરીતોએ રોકાણકારોને ચા વળતરની લાલચ આપી કુલ રૂપિયા ૨૬.૮૩ કરોડની ઠગાઈ આચરી છે. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાંચની આર્થિક ગુના નિવારણ શાખાએ બે અલગ-અલગ ફરિયાદો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મિહિર પટેલે પાલડીમાં રહેતા સોનલબેન પરીખના




પરિવાર સાથેના સંબંધોનો ફાયદો ઉઠાવી, તેમની વૃદ્ધ માતાને રોકાણ કરવા માટે વિશ્વાસમાં લીધા હતા. ચેક અને ડ્રાટ દ્વારા કુલ રૂપિયા૨૬.૪૦ કરોડ મેળવી મિહિરે આ રકમ પોતાના સાગરીતોના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી.

શંકા ન જાય તે માટે આરોપીએ વૃદ્ધાને પ્રધાનમંત્રી વય વંદન યોજના અને એલઆઇસીની નકલી કલર કોપી વાળી પોલિસીઓ તેમજ બેંકની ખોટી એન્ટ્રીવાળી પાસબુક પણ આપી હતી. લાંબા સમય સુધી નફો કે મુદ્દલ પરત ન મળતા સોનલબેને મિહિર અને તેના પરિવારના સભ્યો સામે ફરિયાદ નોંધાવી છે. વધુ માહિતી અનુસાર નવરંગપુરાના જીગર શાહ નામના વ્યક્તિને મિહિર પટેલ અને તેના મિત્ર હેમરાજસિંહ દ્વારા એલઆઇસી મ્યુચ્યુઅલ ફંડ અને આઇપીઓમાં રોકાણ કરવાથી દર મહિને ત્રીસથી પાંત્રીસ હજારના નફાની લાલચ અપાઈ હતી.

શરૂઆતમાં ડિવિડન્ડના નામે થોડી રકમ પરત આપીને રોકાણકારનો વિશ્વાસ જીત્યો હતો. જીગરભાઈએ એલઆઇસીની ઓફિસે તપાસ કરતા જાણવા મળ્યું કે તેમના નામે કોઈ રોકાણ થયું જ નથી. મિહિર અને હેમરાજસિંહે કુલ રૂપિયા ૪૩ લાખ હડપ કરી લીધા હતા. આર્થિક ગુના નિવારણ શાખાએ બંને કિસ્સામાં મિહિર પટેલ, હેમરાજસિંહ અને તેમના મળતીયાઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે. પોલીસે રોકાણકારોને સાવચેત રહેવા અને અધિકૃત એજન્સીઓ દ્વારા જ રોકાણ કરવાની અપીલ કરી છે.

બીજી તરફ દમણમાંથી સ્ટાર હોટેલ અને ફ્લેટના નામે ૧૧ માળનું કોમ્પ્લેકસનું આયોજન કરવાના સપના બતાવી સિટીલાઇટના બિલ્ડરે ૬ રોકાણકારો પાસેથી ૧.૦૭ કરોડ રૂપિયાની રકમ પડાવી હતી. જેમાં બિલ્ડર દ્વારા આ રોકાણકારોને ન લેટનો કબજો અપાયો અને ન જ તેમના રૂપિયા પરત કર્યા હતા. જેના પગલે ખટોદરા પોલીસમાં સિટીલાઇટના બિલ્ડર વિરુધ્ધ ગુનો દાખલ થયો હતો. આ ગુનામાં બિલ્ડર ભરત ઉર્ફે ભરત સિંધી મોહન ભારવાનીને ઈકો સેલના સ્ટાફે તેના ઘર પાસેથી દબોચી લીધો છે. બિલ્ડર કામ અર્થ ઘરે આવ્યો હતો. આરોપી બિલ્ડરે ભરત સિંધીએ ૪૪ ફલેટોના નામે કરોડોની રકમ પડાવી હોવાની વાત સામે આવી રહી છે.

આરોપી બિલ્ડર ભરત સિંધી વિરુદ્ધ ખટોદરા, અઠવાલાઇન્સ અને સચિન પોલીસ સ્ટેશનમાં ૭ ગુનામાં નોંધાયા હતા. જેમાં તેની ધરપકડ કરાઇ હતી.એટલું જ નહીં ભરત સિંધી સામે વર્ષ ૨૦૨૫માં પાસાની પણ કાર્યવાહી કરવામાં આવી હતી. તદ્ઉપરાંત કોર્ટમાં ચેક રીટર્નના ૩૫ કેસો ચાલે છે. વધુમાં ઈકોસેલના સ્ટાફે જણાવ્યું કે બિલ્ડર ભરત સિંધીએ તેના સાગરિતો સાથે મળી દમણના કથીરીયાના ખાતેની જમીનમાં સ્કાયડેક નામના -ોજેકટનું આયોજન કર્યુ હતું. જેમાં ૬ જણાએ ફલેટ લેવા માટે બિલ્ડરને ૧.૦૭ કરોડની રકમ આપી હતી. બિલ્ડરે કામ અધુરુ કરી ફલેટ પણ આપ્યો ન હતો ઉપરથી કરોડોની રકમ પણ ચાંઉ કરી ગયો હતો. જેના કારણે મામલો ખટોદરા પોલીસમાં પહોંચ્યો હતો.

ઓનલાઇન સંપર્ક કેળવી ફસાવી લેતાં લેભાગુ કહેવાતા પ્રેમીઓની ચેતજો

# ગેમ થકી યુવતિને વિધર્મીએ ફસાવી ગર્ભ રાખી દીધો

રાજકોટ,તા.૨૪

ઓનલાઇન ગેમના રવાડે ચડીને ટીનેજર્સ અને યુવાનો ઘણીવાર બરબાદીના માર્ગે કે પછી ગુનાખોરીના રસ્તે ચાલી નીકળે છે અથવા તો અજાણતા તેમાં ફસાઇ જાય છે. એક ચોંકાવનારી લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં ઓનલાઇન ફ્રી ફાયર ગેમ રમતી યુવતિને ઓગણીસ વર્ષના વિધર્મી શખ્સે ફ્રેન્ડશીપની જાળમાં ફસાવ્યા પછી તેની સાથે પ્રેમનો ખેલ ખેલી દૂષ્કર્મ આચરી લેતા તેણી ગર્ભવતી થઇ ગઇ હતી. આ પછી આ યુવાને તેણીને ગર્ભપાત કરાવવા માટે દબાણ કરી તરછોડી દેતાં સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો.



લગ્નની વાત આવતાં ગર્ભપાત કરવાવાની ધમકી આપી ભાગી ગયોઃ છેતરાયેલી ભોગ બનેલી યુવતિએ લીધી પોલીસની મદદ

વિગતો પર નજર કરીએ તો ડિજિટલ યુગમાં ઓનલાઇન ગેમિંગના માધ્યમથી પાંગરતા પ્રેમમાં છેતરાવાની વધુ એક ઘટના સુરતના પુણા વિસ્તારમાં સામે આવી છે. ફ્રી ફાયર ગેમ રમતા કેરળના એક ઓગણીસ વર્ષીય વિધર્મી યુવકના સંપર્કમાં આવેલી યુવતીને લગ્નની લાલચ આપી ગર્ભવતી બનાવ્યા બાદ યુવકે હાથ અધ્ધર કરી દેતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. મુળળ સુરતના પુણા વિસ્તારની અને અભ્યાસ અર્થે કેરળમાં રહેતી ઓગણીસ વર્ષીય યુવતીને મોબાઈલમાં ગેમ રમવાનો શોખ હતો. અંદાજે એક વર્ષ પહેલા ફ્રી ફાયર ગેમ રમતી હતી.

તે વખતે તેની મુલાકાત એસ્ટ્રા આઈડી ધરાવતા યુવક સાથે થઈ હતી. ત્યારબાદ ઈન્સ્ટાગ્રામ પર ટેનેટ એસ્ટ્રો નામની આઈડીથી સંપર્ક વધારી યુવકે યુવતીનો વિશ્વાસ જીત્યો હતો. આ પછી યુવતી જ્યારે કેરળમાં હતી, ત્યારે યુવકે તેને મળવા બોલાવી હોટલમાં લઈ જઈ શારીરિક શોષણ કર્યું હતું. યુવકની ઓળખ હિશામ મુનીર અબ્દુલ મુનીર તરીકે થઈ હતી. તેણે લગ્નનું વચન આપી યુવતી સાથે પરાણે સંબંધ બાંધ્યા હતા. ગત ફેબ્રુઆરી સુધી સંબંધો રહ્યા બાદ માર્ચ-૨૦૨૬માં યુવતી ગર્ભવતી હોવાનું જાણવા મળ્યું હતું. હિશામ મુનીરે લગ્નનો ઈનકાર કરી યુવતી પર ગર્ભપાત કરાવવા દબાણ કર્યું હતું. યુવતી લગ્ન માટે મક્કમ રહેતા હિશામ તેને સુરત લઈ આવ્યો હતો. પુણાની યોગેશ્વર સોસાયટીમાં યુવતીના ઘરે થોડા દિવસ રહ્યા બાદ તે લગ્ન કરવાની ના પાડીને ભાગી છૂટ્યો હતો. અંતે છેતરાયેલી યુવતીએ માતા સાથે પુણા પોલીસ સ્ટેશન પહોંચી હિશામ મુનીર વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી.. પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આમ વધુ એક વખત ઓનલાઇન જાળ બીછાવી લેભાગુએ એક યુવતિની જિંદગી બરબાદ કરી હતી. અગાઉ પણ આવી અનેક ઘટનાઓ બની ચુકી છે જેમાં આ વધુ એક લાલબત્તી સમાન કિસ્સો ઉમેરાયો છે. ઓનલાઇન કે ઓફલાઇન મિત્રતા કરવામાં કોઇ ગુનો નથી. પરંતુ સામેનું પાત્ર કોણ છે? તેનો ખરેખર ઈરાદો શું છે? એ બધુ જાણ્યા પછી જ આગળ વધવુ આજના યુગમાં અત્યંત આવશ્યક બની ગયું છે.

કાળા માથાના માનવીને પરલોકનું તેડુ ક્યારે ક્યાં કેવી રીતે આવે તેની નથી હોતી ખબર

# હિટ એન્ડ રનઃ વધુ એક પરિવારના મોભી છીનવાયા

## કોઠારીયા સોલવન્ટ પાસે બંબાટ ઝડપે આવેલા બાઇકવાળાએ બાઇકને ઉલાળતાં વૃધ્ધનો જીવ ગયોઃ છવ્વીસ વર્ષના યુવાને અકળ કારણે ઝેર પી જીવ આપ્યોઃ મહિલાનું હૃદય બંધ પડ્યું, વૃધ્ધાએ બેભાન હાલતમાં દમ તોડ્યો

રાજકોટ,તા.૨૪

જન્મ લેનાર દરેક માનવીનું મૃત્યુ નિશ્ચીત હોય છે એ સનાતન સત્ય છે. જો કે મૃત્યુ કેવી રીતે અને કઇ જગ્યાએ તેમજ કયા સમયે થઇ જાય તેની કોઇ કાળા માથાના માનવીને ખબર હોતી નથી. વાહન અકસ્માતની ઘાત વધુ એક પરિવારને આઘાત આપી ગઇ છે. કોઠારીયા સોલવન્ટ પાસે હિટ એન્ડ રનની એક ઘટનામાં એક વૃધ્ધનું મોત થયું છે. તો બીજી તરફ એક યુવાને ઝેરી દવા પી મોત મેળવી લીધુ હતું. જામનગરના આ યુવાને રાજકોટની સરકારી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ત્રીજી ઘટનામાં સારવાર માટે તરસાઇ ગામેથી રાજકોટ આવેલા મહિલાનું દિલ ધબકારા ચુકી જવાને કારણે મૃત્યુ થયું હતું. જ્યારે ચોથી ઘટનામાં નવાગામના વૃધ્ધાનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયુ.હતું.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો બેફામ વાહનો હંકારતા ચાલકો અનેક વખત બીજા લોકો માટે અને ક્યારેક પોતાના માટે જોખમી બની જતાં હોય છે. કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે મોટરસાઇકલ હંકારીને દિકરાની કેબીને જઇ રહેલા વૃધ્ધના વાહન સાથે અજાણ્યો ટુવ્હીલરનો ચાલક અકસ્માત સર્જી ભાગી જતાં વૃધ્ધને ગંભીર ઇજા થતાં તેમનું મોત થયું હતું.કોઠારીયા સોલવન્ટ પાસે સૌરાષ્ટ્ર કંપની નામના કારખાનાની ઓરડીમાં રહેતાં બ્યાંસી વર્ષના હરજીભાઇ ભીમજીભાઇ કબર નામના વૃધ્ધ સવારે દસેક વાગ્યે મોટર સાઇકલ હંકારીને ઓરડીએથી પોતાના દિકરાની પાનની કેબીને જવા નીકળ્યા ત્યારે કોઠારીયા સોલવન્ટ ફાટક નજીક અજાણ્યા મોટરસાઇકલના ચાલકે તેમના ટુવ્હીલર સાથે અકસ્માત સર્જતા તેઓ રોડ પર ફેંકાઇ ગયા હતાં.



આ અકસ્માતમાં હરજીભાઇને માથા, શરીરે ઇજાઓ થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ નિપજતાં હોસ્પિટલ દ્વારા આજીડેમ પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર હરજીભાઇને સંતાનમાં એક દિકરો છે. વડિલના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો છે. હેડકોન્સ. હેમતભાઇએ વાહન ચાલકની શોધખોળ શરૂ કરી હતી.

બીજી ઘટનામાં એક યુવાને ઝેર પી જિંદગી છોડી દીધી હતી. જામનગરના ભાટીયા પંથકના ગોકુલનગરમાં રહેતાં છવ્વીસ વર્ષના યુવાને ઝેર પી લેતાં જામનગર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ સવારે મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. જામનગર સમર્પણ સર્કલ ગોકુલનગરમાં રહેતો મુળ નંદાણા ભાટીયાનો વતની છવ્વીસ વર્ષનો રાજુભાઇ મારખીભાઈ ચાવડા રાતે એકાદ વાગ્યે ઝેરી દવા પી જતાં તે ઉલ્ટી ઉબકા કરવા માંડતાં પરિવારજનોને જાણ થઇ હતી. પૃછા કરતાં ઝેર પી લીધાનું જણાવતાં તુરત જ જામનગર જેસીસી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. પરંતુ અહિ સારવાર દરમિયાન સવારે મૃત્યુ થયું હતું. બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના હેડકોન્સ. મહેશભા જોગડા, ચિત્રકેતુસિંહ, ધર્મેન્દ્રભાઈ, રવિભાઈ, દિવ્યરાજસિંહ સહિતે જામનગર સીટી પોલીસને કરી હતી. વધુ વિગત મુજબ આપઘાત કરનાર રાજુભાઇ તેના પિતા સાથે ગામડે ખેતી કરતો હતો. જો કે હાલમાં તે જામનગરમાં બાંધકામ સાઈટ પર સુપરવાઈઝર તરીકે કામ કરતો હતો. તે બે ભાઇ અને એક બહેનમાં મોટો તથા અપરિણતી હતો. તેણે આપઘાત શા માટે કર્યો તે અંગે પરિવારજનો જાણતા નથી. અંતિમવિધી બાદ પોલીસ વિશેષ નિવેદન નોંધશે.

ત્રીજી ઘટનામાં જામજોધપુરના તરસાઇ ગામના મહિલાનું રાજકોટમાં પીઠના દુઃખાવાની સારવાર દરમિયાન હૃદય બેસી જતાં મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. તરસાઇ ગામે રહેતાં ત્રેપન વર્ષના રમાબેન ભગવાનજીભાઇ પરમારને પીઠમાં દુઃખાવો થતો હોઇ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતાં. એક હોસ્પિટલમાં સારવાર બાદ વધુ સારવાર માટે અન્ય એક ખાનગી હોસ્પિટલમાં લઇ જવાયા હતાં.

જ્યાં તેમને નિષ્પ્રાણ જાહેર કરાયા હતાં. રમાબેનને શ્વાસની બિમારી પણ હતી. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. પતિ અગાઉ રિક્ષા હંકારતાં હતાં.

હાલ નિવૃત જીવન જીવે છે. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના મહેશભા, ચિત્રકેતુસિંહ, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ, દિવ્યરાજસિંહે જરૂરી કાર્યવાહી કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

ચોથી ઘટના જોઇએ તો રાજકોટના કુવાડવા રોડ નવાગામ આણંદપરમાં રહેતાં સુરજબા રતુભા જાડેજા નામના પાંસઠ વર્ષના વૃધ્ધા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. કુવાડવા રોડ પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી હતી. ચાર ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજન ગુમાવી દીધા હતાં.

# મતદારોને સ્લીપ વિતરણ કરવામાં પણ ભાજપ અવઢવમાં

## વોર્ડ નં.૧ના બ્રહ્મ સંમેલનમાં સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના મહામંત્રીને સ્ટેજ પર સ્થાન ન મળતાં બ્રહ્મ પરિવારોમાં રોષ : પ્રદેશ ભાજપની ગાઇડ લાઇન છતાં વોર્ડ નં.૧૪માં કોના દબાણથી બ્રહ્મ પરિવારના ઉમેદવારને ટિકિટ ન અપાઇ ? : શહેર ભાજપ પ્રમુખ માધવ દવે કોના રબ્બર સ્ટેમ્પ બન્યા?



**કાર્યકરોને કામ આપવું કે એજન્સીને..? : મતદાન આડે હવે ગણતરીના કલાકો છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ માધવ દવે અસંતોષની આગ ઠારવામાં સદંતર નિષ્ફળ**

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાન આડે આંગળીના વેઢે ગણાય એટલી કલાકો જ બાકી રહી છે ત્યારે, હજી શહેર ભાજપ દ્વારા અનેક વોર્ડ વિસ્તારોમાં મતદારોને સ્લીપ વિતરણ કરવામાં આવ્યું નહોવાની વિગતો સાંપડી રહી છે. એક તરફ ઉમેદવારોના નામની જાહેરાતની સાથે જ દરેક વોર્ડમાંથી અસંતોષની જ્વાળાઓ શાંત પાડવામાં શહેર ભાજપ પ્રમુખ માધવ દવે સદંતર નિષ્ફળ રહ્યા હોવાનો સુર ઉઠ્યો છે .બીજી બાજું બુથ લેવલની કામગીરી અને ખર્ચ મુદ્દે નવો વિવાદ શરૂ થયો છે. આ કારણે મતદાન આડે ગણતરીના કલાકો જ આડા રહ્યા છે ત્યારે ભાજપ હજી મતદારોને મતદાન સ્લીપ પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું છે. બુથ લેવલની કામગીરી સંભાળતા કાર્યકરોની નારાજગીના પગલે સ્લીપ વિતરણની જવાબદારી કાર્યકરોને સોંપવી કે એજન્સીને જવાબદારી સોંપવી તેની અવઢવ શહેર ભાજપના હોદ્દેદારો અને આગેવાનો અનુભવી રહ્યા છે. બીજી બાજું વોર્ડ નં.૧માં યોજાયેલા બ્રહ્મ સંમેલનમાં સમસ્ત બ્રહ્મ સમાજના મહામંત્રીને સ્ટેજ ન મળતાં બ્રહ્મ પરિવારોમાં રોષ જાગ્યો છે.

ભાજપ દ્વારા મહાનગર પાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગીમાં રઘુવંશી સમાજ અને બ્રહ્મ સમાજમાં વ્યાપક રોષ અને નારાજગી જોવા મળી રહી છે. શહેર ભાજપ પ્રમુખ જ્યાં રહે છે તે વોર્ડ નં.૨માં જ ગઇકાલે બુથ લેવલના ખર્ચ મુદ્દે પુર્વ સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, ધર્મેન્દ્ર મિરાણી અને વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ વચ્ચે થયેલી માથાકુટ શાંત પાડવામાં પણ શહેર ભાજપ પ્રમુખ પોતાનો જ વોર્ડ હોવા છતા નિષ્ફળ રહ્યા હતા. ઉલેખનીય છે કે વોર્ડ નંબર ૨ માં શહેર ભાજપ પ્રમુખનું નિવાસ સ્થાન આવેલું છે.

આ વિવાદ વચ્ચે આજે વધુ એક વિવાદ ઉછળ્યો છે. ગઇકાલે વોર્ડ નં.૧માં યોજાયેલા બ્રહ્મ સંમેલનમાં સમસ્ત સૌરાષ્ટ્ર- કચ્છ બ્રહ્મ સમાજના મહામંત્રી દિપકભાઇ પંડ્યાને આમંત્રણ અપાયું હતું. પણ બ્રહ્મ સંમેલનમાં જ બ્રહ્મ સમાજના મહામંત્રીને સ્ટેજ પર સ્થાન આપવાને બદલે પ્રેક્ષકો સાથે સ્થાન અપાતા આ વોર્ડના બ્રહ્મ પરિવારોમાં રોષ જાગ્યો છે. સમસ્ત બ્રહ્મ સમાજના મહામંત્રી સાથે થયેલા આ અપમાનજનક વર્તનનો મેસેજ લાકડિયા તારની જેમ બ્રહ્મ પરિવારોમાં ફરી વળ્યો હતો. બીજી બાજું વોર્ડ નં.૧૪માં પ્રદેશ ભાજપ દ્વારા સામાન્ય બેઠક જાહેર થઇ હોવાછતાં બ્રાહ્મણ ઉમેદવારને પસંદ કરવાને બદલે કેતન પટેલ, નિલેશ જલુ અને આયાતી ઉમેદવાર ડો. હિરેન ખીમાણીયાને ટિકિટ મળતા બ્રહ્મ પરિવારોનો રોષ હજી શાંત થયો નથી. ત્યાં હવે વોર્ડ નં.૧માં સમસ્ત બ્રહ્મ સમાજના મહામંત્રીને સ્ટેજ ન આપીને કરાયેલા અપમાનજનક વર્તનની આગે લબકારાં લેવાનું શરૂ કર્યું છે. વોર્ડ નં.૧૪માં બ્રાહ્મણ જ્ઞાતિના મતદારો વધુ હોવાછતાં બ્રહ્મ પરિવારના જ શહેર ભાજપ પ્રમુખે કોના દબાણ અને કોના રબ્બરસ્ટેમ્પ બનીને બ્રાહ્મણ ઉમેદવારની પસંદગી ન કરી તેવો પ્રશ્ન પણ હવે સમસ્ત બ્રહ્મ સમાજમાં પુછાઇ રહ્યો છે.

### વોર્ડ નં.૨માં રઘુવંશી વિરૂધ્ધ રઘુવંશીની લડાઇ શરૂ !

વોર્ડ નં.૨માં રઘુવંશી સમાજના ઉમેદવારને ટિકિટ ન મળવા મુદ્દે રઘુવંશી સમાજમાં લાંબા સમયથી રોષ છે. અને ભાજપ વિરૂધ્ધ ક્રોસ વોટિંગ થવાની પુરી સંભાવના વ્યક્ત થઇ રહી છે ત્યારે બીજી બાજું હવે શહેર ભાજપ દ્વારા લોહાણા સમાજમાં આપસી યુધ્ધ કરાવીને ફાયદો લેવા માટે રાજકિય ચાલ શરૂ કરવામાં આવી છે. વોર્ડ નં.૨માં ભાજપના ઉમેદવારને જીતાડવા માટે લોહાણા સમાજના આગેવાન દિનેશ કારીયાને મુખ્ય જવાબદારી સોંપવામાં આવી છે.

### ભાજપ કોંગ્રેસ માટે નવું સુત્રઃ 'ચૂંટણી પહેલા થાય એ કરી લેજો, ચૂંટણી પછી થાય એટલું કરી લેજો'

આવતીકાલે રવિવારે મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન થવાનું છે. ત્યારે ભાજપ અને કોંગ્રેસ એક સાથે અનેક વોર્ડમાં પ્રચાર કરતાં હોવાના દ્રશ્યો જોવા મળતાં હોવાનું બન્ને પક્ષના કાર્યકરો કહી રહ્યા છે. ગત ચૂંટણીમાં કોંગ્રેસને ચાર જ બેઠક મળી હોવા છતા કોંગ્રેસના એક આગેવાને મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના રૂમમાં પદાધિકારીઓ સાથે 'ખાનગી મિટિંગ' કરીને પોતાનો ધંધો વિકસાવ્યાની ચર્ચા પણ બન્ને પક્ષે સાંભળવા મળી રહી છે. ત્યારે, ચૂંટણી પહેલા ભાજપ કોંગ્રેસ ભાઇ- ભાઇ હોય તેમ 'ચૂંટણી પહેલા થાય એ કરી લેજો અને ચૂંટણી પછી થાય એટલું કરી લેજો'ના સુત્ર વહેતા થયાની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

# નિષ્પક્ષ ચૂંટણી હવે ભૂતકાળ : ડો. હેમાંગ વસાવડા

## કોંગ્રેસે ઓછી પ્રેસ કોન્ફરન્સ કહ્યું, કોઈપણ ગુનાહિત ઈતિહાસ ધરાવતો આગેવાન મતદાન એજન્ટ તરીકે બેસશે તો લોકશાહીનું થશે ચીર હરણ

રાજકોટ, તા. ૨૪

ચૂંટણીના પડઘમ શાંત થઈ ગયા છે છતાં પણ હાલ રાજ્ય ચૂંટણી પંચના પરિપત્રમાં જે જોગવાઈ દૂર કરવામાં આવી હટાવવામાં આવી તેનાથી કોંગ્રેસમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. જે અંતર્ગત કોંગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી અને જણાવવામાં આવ્યું હતું કે હવે નિષ્પક્ષ ચૂંટણી કરવી ભૂતકાળ બની જશે.



સ્થાનિક સ્વરાજની ચૂંટણીને હવે ગણતરીના બે દિવસ બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસે ભાજપ પર સીધો જ આક્ષેપ કર્યો છે અને ચૂંટણી પંચ દ્વારા મતદાન એજન્ટ અંગેનો છે પરિપત્ર ની ખાસ જોગવાઈ રદ કરવાનો નિર્ણય લીધો છે તેનાથી રાજકારણ સંપૂર્ણપણે ગરમાયું છે. જે અંગે કોંગ્રેસના આગેવાન હેમાંગ વસાવડાની અધ્યક્ષતામાં કોંગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. ડોક્ટર હેમાંગ વસાવડાએ જણાવ્યું હતું કે ભાજપ ગુંડાઓ અને અપરાધીઓના શરણે થઈ ગઈ છે અને ભાજપે જ લોકશાહીનું ચીરહરણ કર્યું છે. ગુજરાત ગુંડાઓના હવાલે થઈ ગયું હોવાનું પણ સંયુક્ત કોંગ્રેસી આગેવાનોએ જણાવ્યું હતું.

ચૂંટણી પંચ દ્વારા જે મતદાન એજન્ટ અંગેનો પરિપત્ર રદ કરવામાં આવ્યો તેનાથી રાજકારણ તો ગરમાયું છે અગાઉ આ પરિપત્રમાં એ વાતની જોગવાઈ કરવામાં આવી હતી કે, મતદાન એજન્ટ તેજ વિસ્તાર અને તે જ વોર્ડના હોવા જોઈએ અથવા તો પાડોશી વોર્ડ અને બુથ ના હોય તો ચાલે એટલું જ નહીં છે મતદાન એજન્ટોને બેસાડવામાં આવે તેના પર કોઈ પણ પ્રકારનો ગુનાહિત ઈતિહાસ ન હોવો જોઈએ જે પરિપત્રને રદ કરવામાં આવતા અનેકવિધ પ્રશ્નો ઉઠી રહ્યા છે. ત્યારે કોંગ્રેસે એવો પણ આક્ષેપ કર્યો કે હવે ભાજપ કોઈ ગુંડાને મતદાન એજન્ટ તરીકે બેસાડી શકે છે જેનો કોઈ વિરોધ થઈ શકશે નહીં. અચાનક આ જોગવાઈ રદ કરવા પાછળનો મુખ્ય હેતુ શું છે તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી. પરંતુ આ નિર્ણયથી ખરા અર્થમાં રાજ્ય વર્તુળોમાં એ બાબતની પણ ચર્ચા જાગી છે કે હવે નિષ્પક્ષ ચૂંટણી થવી ખૂબ મુશ્કેલ છે અને આ બાબતે કોંગ્રેસે પણ સીધા જ આક્ષેપો ભાજપ પર કર્યા હતા.

ગુજરાત કોંગ્રેસ દ્વારા અતિ મહત્વના મુદે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં ડો.હેમાંગ વસાવડા, રાજદીપસિંહ જાડેજા અને મહેશ રાજપુતે પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. ડોક્ટર હેમાંગ વસાવડાએ જણાવ્યું હતું કે ચૂંટણીના બુથ પર ગુન્હા દાખલ થયેલ વ્યક્તિઓને ન બેસવા દેવા માટેનો નિયમ દૂર કરવામાં આવ્યો છે જે અત્યંત ચોંકાવનારો છે. માત્ર મહાનગરોમાં નહીં આ પરિપત્રથી ગ્રામ્ય વિસ્તારો એટલે કે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના મતદાનમાં પણ ઘણી અસર પડશે તેવા આક્ષેપો કરવામાં આવ્યા હતા..

ચૂંટણી પંચ દ્વારા અગાઉ જે પરિપત્ર કરવામાં આવ્યો હતો તેમાં એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, નગરપાલિકા અથવા મહાનગરપાલિકાના જે તે વોર્ડના કોઈપણ મતદારમાંથી મતદાન એજન્ટની નિમણૂક કરી શકાશે. તે જ પ્રમાણે મતગણતરી એજન્ટ નગરપાલિકા - મહાનગરપાલિકાના કિસ્સામાં ચૂંટણી હેઠળના જે તે વોર્ડનો મતદાર હોવો જોઈશે. ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટ/મતગણતરી એજન્ટ પર કોઈપણ જાતનો ગુનો નોંધાયેલ ન હોવો જોઈએ કે ગુનાહિત ઈતિહાસ ધરાવતો ન હોવો જોઈએ. તે જોગવાઈ આથી રદ કરવામાં આવી હોવાનો પરિપત્ર જાહેર થયો છે.

## રાજકોટના લોકો ભાજપથી ત્રસ્ત , AAP ને જોવે છે વિકલ્પ તરીકે

# ગુજરાત કોઈ પક્ષનું ગુલામ નથી : મનીષ સિસોદિયા

રાજકોટ , તા. ૨૪

રવિવારે સમગ્ર રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજવા જઈ રહી છે ત્યારે ભાજપ કોંગ્રેસના કોઈ મોટા સ્ટાર પ્રચારક ચૂંટણી પ્રચારમાં નજરે પડ્યા નથી ત્યારે આમ આદમી પાર્ટીના દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ગઈકાલે પત્રકાર પરિષદ સંબોધી હતી જેમાં ગુજરાતના લોકો ભાજપના ગુલામ નથી તેવું પણ જણાવ્યું હતું. મળતી માહિતી મુજબ મનીષ સિસોદિયા જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી સંપૂર્ણપણે સજ્જ થઈ ગઈ છે.

સાથો સાથ તેઓએ એ વાતની પણ સ્પષ્ટતા કરતા જણાવ્યું કે ગુજરાત માટે આ ચૂંટણી ખૂબ જ મહત્વની છે અને મતદારો ક્યાં પક્ષને છૂટશે તે વાત નહીં પરંતુ એવું મન બનાવી બેઠેલા છે કે ગુજરાત ભાજપનું ગુલામ તો નથી. વધુમાં તેઓએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી બહુમતીથી જીતશે અને જો કોઈ રાજ્યમાં ઉત્તમ વિપક્ષ હોય તો તે આમ આદમી પાર્ટી છે. તેઓ જણાવ્યું હતું કે પ્રચાર પ્રસાર દરમિયાન લોકો કહે છે કે હવે તેઓ ભાજપના તાનાશાહીથી કંટાળી ગયા છે અને ગુલામી વિરુદ્ધ આ વખતે મતદાન કરવામાં આવશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે હાલ ભાજપના રાજમાં મકાન બનાવવામાં પણ ભ્રષ્ટાચાર અને દરેક સ્તરે ક્યાંક ને ક્યાંક ક્ષતિઓ અને ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે. શાળાઓ અંગે તેઓએ માહિતી આપતો જણાવ્યું હતું કે સરકારી શાળાની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે.



તેઓએ પત્રકાર પરિષદમાં એ વાતની પણ સ્પષ્ટતા કરી હતી કે સરકારી શાળા ની સ્થિતિ સારી કરવા માટે જ્યારે આમ આદમી પાર્ટી એ અવાજ ઉઠાવ્યો હતો સરકારે થોડા બિલ્ડિંગ સરખા કરી નાખ્યા અને તેનું સમારકામ પણ કરી દીધું પરંતુ ભાજપ પોતાના ત્રીસ વર્ષના કાર્યકાળમાં એ હિસાબ આપે કે તેઓએ કઈ સરકારી શાળાની કાયપલટ કરી છે અને ઉત્તમ શિક્ષણ પૂરું પાડ્યું છે. મનીષ સિસોદિયાએ જણાવ્યું કે ભાજપના એક પણ નેતાઓને સજા ફટકારવામાં નથી આવી . ભાજપના લોકો ખુલ્લે આમ મકાન કે દુકાન બનાવવા માટે પણ પૈસા લે છે તેઓ પણ આક્ષેપ કર્યો હતો.

રાજકોટના માર્ગો પર રોડ-શો અંગે તેઓએ કહ્યું કે ખુલ્લી જીપમાં અભિવાદન ઝીલવા કરતા એ લોકો વચ્ચે જઈને તેમની સાથે સીધો સંવાદ કર્યો. બધાનો એક જ જવાબ હતો. હવે થાકી ગયા છીએ. ૩૦-૩૦ વર્ષથી ભાજપનું શાસન હોવા છતા લોકોના પાયાના રોડ-રસ્તા-ગટરની સમસ્યા યથાવત છે અને 'આપ'નું દિલ્હી શાસન તેઓ રાજકોટમાં ઈચ્છે છે. શ્રી સીસોદીયાએ કહ્યું કે લોકો આશાની નજરે જુએ છે તે જ અમારી સફળતા છે. રાજકોટમાં 'આપ'ના વોટ શેર ૧૫% જેવો હતો પણ કોંગ્રેસ તથા 'આપ' વચ્ચે મતો વહેચાઈ જાય છે પણ આ ચુંટણીમાં તેવું બનશે નહી. ખુદ કોંગ્રેસ કહે છે કે તેને ઉમેદવાર મળતા નથી તો મત કયાંથી મળશે. અમો કોંગ્રેસના વિકલ્પ તરીકે ઉપસી રહ્યા છીએ. દિલ્હીના શરાબ લાયસન્સ પ્રકરણમાં લાંબી કાનુની લડાઈ બાદ તેઓને તથા અરવિંદ કેજરીવાલને નિર્દોષ જાહેર કરાયા તેના પર પ્રતિભાવ આપતા કહ્યું કે શરાબ કાંડમાં કલીન ચીટ જ નહી અદાલતે કહ્યું કે કોઈ કેસ જ નથી. આ અમારી પ્રમાણિકતાનો પુરાવો છે.

## ધારાસભ્ય દર્શિતા શાહ વેતરાયા ! :

# પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ખુરશી ન મળી !

## વિધાનસભા-૬૯ હેઠળના વોર્ડમાં ટિકિટ ફાળવણી મુદ્દે ધારાસભ્ય સામે પ્રચંડ રોષની અસર ! : આગેવાનો વચ્ચે ઉભા રહેવું પડ્યું



રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વિધાનસભા-૬૯ હેઠળના વોર્ડમાં ઉમેદવારોની પસંદગી મુદ્દે ધારાસભ્ય ડો. દર્શિતા શાહે કરેલી મનમાની અને કાર્યકરો આગેવાનો સાથે કરેલા કથિત ગેરવર્તન બાદ પ્રદેશ ભાજપ તેમનાથી નારાજ હોય તેમ ગઇકાલે રાજકોટમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ધારાસભ્ય ડો. દર્શિતા શાહને ખુરશી ફાળવવામાં આવી નહોતી. આ કારણે તેઓને સંસદ સભ્ય, ધારાસભ્ય અને પુર્વ શહેર પ્રમુખની હાજરીમાં ઉભા રહેવું પડ્યું હતું. આ બનાવે ચર્ચા જગાવી છે.

રવિવારે મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન થવાનું છે. ત્યારે ગઇકાલે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહને બેસવા માટે ખુરશી ન મળતા તેઓને ઉભા રહેવુ પડ્યું હતું. જો કે જાણકાર વર્તુળો એવું કહી રહ્યા છે કે, પ્રબુધ્ધ નાગરિક સંમેલનની વ્યવસ્થામાં ખામી સર્જાતા ડો. દર્શિતા બેન શાહને ઉભા રહેવું પડ્યું હતું. જ્યારે અસંતુષ્ટ જૂથ ધારાસભ્ય દ્વારા ટિકિટ ફાળવણીથી માંડી આગેવાનો અને કાર્યકરો સાથેના તેમના વર્તન કારણભૂત હોવાનું કહી રહ્યા છે.

ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીની ગઇકાલે રાજકોટની મુલાકાત દરમિયાન રોડ-શો પૂર્ણ કર્યા બાદ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના 'પ્રબુદ્ધ નાગરિકો' સાથે ગૃહ રાજ્યમંત્રીએ સંવાદ કર્યો હતો. બેઠકમાં શહેરના નામાંકિત ડોક્ટરો, અગ્રણી ઉદ્યોગકારો, બિલ્ડરો, વકીલો અને ટ્રાન્સપોર્ટરો ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક નેતાઓ, હોદ્દેદારો અને કાર્યકરો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જોકે, આ આયોજન વચ્ચે વ્યવસ્થામાં ગંભીર બેદરકારી બહાર આવી હતી. કાર્યક્રમમાં સ્ટેજ અને બેઠક વ્યવસ્થા પર ભાજપના દિગ્ગજ નેતાઓની હાજરી વચ્ચે વિધાનસભા-૬૯ના મહિલા ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ માટે બેસવાની જગ્યા જ રાખવામાં આવી નહોતી. જ્યારે, પુર્વ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, સંસદસભ્ય પરશોતમભાઇ રૂપાલા, પરેશ ગજેરા અને અન્ય નેતાઓ મંચ અને આગળની હરોળમાં બિરાજમાન હતા. જ્યારે મહિલા ધારાસભ્યને આગળની હરોળમાં જગ્યા ન મળતાં લાંબો સમય સુધી ઉભા રહેવાની ફરજ પડી હતી!

આ ભરચક્ક કાર્યક્રમમાં મહિલા ધારાસભ્ય માટે ઈરાદાપુર્વક જગ્યા રાખવામાં આવી નહોતી કે પછી આયોજકો દ્વારા તેમની આગલી હરોળમાં બેસાડવાનું ભુલાઈ ગયું, તે પ્રશ્ન કાર્યકરોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. લાંબો સમય સુધી રાહ જોયા બાદ અને અવ્યવસ્થા નજરે પડ્યા પછી આખરે તેઓની બેઠક માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. એક તરફ જ્યારે ભાજપ શિસ્ત અને મહિલા સન્માનની વાતો કરે છે, ત્યારે ખુદ શાસક પક્ષના જ મહિલા ધારાસભ્યને જાહેર કાર્યક્રમમાં આ રીતે 'અનદેખી' કરવામાં આવતાં ઓ ઘટનાએ અનેક તર્ક-વિતર્ક જગાવ્યા છે. આ બેઠકમાં મંત્રી હર્ષ સંઘવીએ શહેરના વિકાસ અને સુરક્ષા મુદ્દે પ્રબુદ્ધ નાગરિકોના સૂચનો લીધા હતા. પરંતુ આ પ્રોટોકોલ ભંગની ઘટનાએ કાર્યક્રમની વ્યવસ્થા પર સવાલો ઉભા કર્યા છે.